# શ્રી જૈન ધર્મ પ્રકાશ

હંસવાહિની



સરસ્વતી દેવી

પુસ્તક ૫૩ મું :: અંક ૧૧ મો

સંવત ૧૯૯૩ :: ભાદ્રપદ :: વીર સંવત ૨૪૬૩

પ્રકટકર્ત્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

વાર્ષિક લવાજમ બહારગામ માટે રૂ ૧-૧૨-૦ બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે

પુસ્તક ૫૩ મું. | અંક ૬ ઠ્ઠો. — ભાદ્રપદ — વીર સં. ૨૪ | વિક્રમ સં. ૧૯


## अनुक्रमणिका


૧ શ્રી પાર્શ્વનાથ સ્તવન ... ...( પરી મણિલાલ ખુશાલચંદ-પાલણપુર ) ૧૯
૨ ખમતખામણા-ગઝલ ... ... ... ( અમીચંદ કરશનજી શેઠ ) ૧૮૦
૩ ભવના છેડાનો ઉપાય-પદ્ય ... ... ... ( શ્રીમદ્ રાજચંદ્ર ) ૧૮
૪ ચતુર્વિંશતિ જિન સ્તુતિ-હિંદી... ... ( મુનિ વિદ્યાવિજયજી ) ૧૮
૫ વિઘ્નરહિત વૈરાગ્ય ... ... ... ... ( સ. ક. વિ. ) ૧૮
૬ સદુપદેશ ... ... ... ... ... ( ,, ) ૧૮૩
૭ વિવેકકળા જાગે તો જીવન સફળ થાય ... ... ( ,, ) ૧૮૪
૮ આત્મતત્ત્વ ... ... ... ... ... ( મુમુક્ષુ મુનિ ) ૧૮
૯ પ્રશ્નોત્તર ... ... ... ... ( પ્રશ્નકાર-સોમચંદ ડી. શાહ ) ૧૯
૧૦ વ્યાધિ ને વિરામ ... ... ... ... ... ( કુંવરજી ) ૧૯
૧૧ સૂક્તમુક્તાવળી :: સિંદૂરપ્રકર ... ( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૧૯
૧૨ આત્મપરિક્રમા : આત્મવિચારણા ... ... ... ( મૌક્તિક ) ૨૦
૧૩ શક્રસ્તવની મુદ્રાના પ્રકાર ... ... ... ... ... ૨૧
૧૪ પ્રભાવિક પુરુષો-અંતિમ રાજર્ષિ ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૧
૧૫ દોષદ્રષ્ટિ વિરુદ્ધ ગુણદ્રષ્ટિ ... ... ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૨૧
૧૬ એક મુનિરાજ તથા એક સભાસદના અવસાનની નોંધ ... ... ૨૧
પર્યુષણપર્વ-સ્પષ્ટતા-કર્મને અંગે વિચારણા ... ... ૧૮૫-૧૯૮-૨૧



## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર—સાર્થ

શબ્દાર્થ, અન્વયાર્થ તથા ભાવાર્થ સાથે સુંદર આકારમાં તૈયાર કરેલ છે વિસ્તારથી વિવેચન આપીને વિદ્યાર્થીઓ સુગમ રીતે સમજી શકે તેવી શૈલી રાખવામાં આવી છે. શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થી માટે ખાસ ઉપયોગી છે.

**તૈયાર કરનાર માસ્તર પોપટલાલ સાકરચંદ**

એક નકલ કિંમત ... ... રૂા. ૧-૪-૦
દસ નકલ કે વધારે લેનાર માટે રૂા. ૧-૨-૦
પોસ્ટેજ અલગ

લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૫૩ મું
વિ. સં. ૧૯૯૩

ભાદ્રપદ

અંક ૬ ઠ્ઠો
વીર સં. ૨૪૬૩

# શ્રી પાર્શ્વનાથ સ્તવન

( ગઝલ )

પરમ પ્રભુ પાર્શ્વકે દર્શન, બીના નહી હોત મન પરસન્ન;
વામા રાણી માતકે જાયે, અશ્વસેન રાય હે તાયે. પરમ૦ ૧.
બનારસ નગરીમેં આયે, માગસર વદિ દશમીકે જાયે;
કુમરપણે દિલ દયા ધારી, લીયો નાગ બળતો ઉગારી. પરમ૦ ૨.
કમઠકો ભૂલ સમજાયા, ધર્મકા રસ્તા બતલાયા;
અપના જીવન પૂરણ ગાળી, હુઆ સો મરકે મેઘમાળી. પરમ૦ ૩.
પ્રભાવતી રાણીકે સંગમેં, ગયે ખેલ ખેલને વનમેં;
ચિત્રામણ નેમ રાજુલકા, દેખત હુઆ ભાવ સંજમકા. પરમ૦ ૪.
ઇસી સંસારકો છોડા, અપના ચિત્ત ધ્યાનમેં જોડા;
કમઠકો વૈર ઉભરાયા, અતિશય જળ વરસાયા. પરમ૦ ૫.
ફણાછત્ર નાગને કીયા, પ્રભુકો ઊંચે લે લીયા;
સહી ઉપસર્ગ સમતાસેં, લીયા કેવળ ઉલ્લાસે. પરમ૦ ૬
સેવકકો હાથસેં ધારી, લીયા સંસારસેં તારી;
બિરુદ તારકકા દીપાવો, સુખોંકી છોળ વરસાવો. પરમ૦ ૭.
સંવત એક નવ સત ચારે (૧૯૭૪), ફાગણ શુક્લ અગ્યારે;
મણિલાલસે શનિવારે, પ્રભુકે ગુણ દિલ ધારે. પરમ૦ ૮

પરી મણિલાલ ખુશાલચંદ—પાલણપુર

For Private And Personal Use Only

# ખમત ખામણા

( ગઝલ )

પ્રભુ મહાવીરના પુત્રો, ખમાવો સર્વ જીવોને;
સુણીને ધર્મનાં સૂત્રો, ખમાવો સર્વ જીવોને. ૧
સંવત્સરી ખામણા ખામી, ખમાવો સર્વ જીવોને;
ઉભય હસ્તો ને શિર નામી, ખમાવો સર્વ જીવોને. ૨
કલેશ કુસંપને ટાળી, ખમાવો સર્વ જીવોને;
અંતરના મેલને બાળી, ખમાવો સર્વ જીવોને. ૩
ગણીને ઐક્યતા પ્યારી, ખમાવો સર્વ જીવોને;
મમત મોટાઇ સંહારી, ખમાવો સર્વ જીવોને. ૪
ફરીને દોષ નહિ કરવા, ખમાવો સર્વ જીવોને;
નિખાલસ ને બની ગરવા, ખમાવો સર્વ જીવોને. ૫
અસ્થિર આ દેહને જાણી, ખમાવો સર્વ જીવોને;
સુણીને જ્ઞાનીની વાણી, ખમાવો સર્વ જીવોને. ૬
ગુણાનુરાગને ગ્રાહી, ખમાવો સર્વ જીવોને;
વદે છે સુર ઇંદુ ભાઇ, ખમાવો સર્વ જીવોને. ૭

અમીચંદ કરસનજી શે

# ભવનાં છેડાનો ઉપાય

જડ ને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન, સુપ્રતીતપણે બંને જેને સમજાય
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર, અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લસિત થયો, જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.
દેહ જીવ એક રૂપે ભાસે છે અજ્ઞાનવડે, ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય
જીવની ઉત્પત્તિ અને રોગ શોક દુઃખ મૃત્યુ, દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય
એવો જે અનાદિ એક રૂપનો મિથ્યાત્વભાવ, જ્ઞાનીના વચનવડે દૂર થઇ જાય
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન, બંને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

શ્રીમદ્ રાજચં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीचतुर्विंशतिजिनस्तुति

( हरिगीत )

शुभ देशनामृत दान करके, धर्म-युगलिक वार के,
कर नीति की फिर रीति जगमें, धर्म शुभ विस्तार के।
कैवल्य पद पाया सहज पद, शत्रुओं को मार के,
जय आदि जिनवर मोक्षदाता, नाथ हो संसार के ॥ १ ॥

सब भव्य रटते अजित जिनवर, शुद्ध मन से नाम को,
सुर इन्द्र नर नागेन्द्र सेवे, चरण-पद्म ललाम को।
संसार-सागर तरण तारण, आप जग विश्राम हो,
सद्‌बुद्धि मुझको क्यों न देते ?, ईश वर निष्काम हो ॥ २ ॥

धर भाव निर्मल सौख्यदाता, विश्व के प्रतिपाल हो,
मात्सर्य-मद रिपु-कर्म नाशक विशद गुण के लाल हो।
मैंने किये हैं कर्म दुष्कर, आप उज्ज्वलता करो,
हे नाथ-सम्भव ! क्यों न मेरी, भीति भव-भव की हरो ? ॥ ३ ॥

तप दान अरु शुभ भाव निर्मल, शील आदिक धर्म को,
जिनराज अभिनन्दन बताया, योगपथ के मर्म को।
सत्साधु का ने श्राद्धजन का, तत्त्व है यह युक्ति का,
मेरे लिये दुर्लभ बना क्यों, नाथ ! वह पथ मुक्तिका ? ॥ ४ ॥

है निर्विकारी सुमति-जिनवर !, भक्ति पूर्वक जो नमे,
सब पापराशी पूर्व भव की, नष्ट हो निज-गुण रमे।
जगजीव वल्लभ पतित-पावन, शान्ति के विश्राम हो,
हे नाथ ! नावा तार मेरी, आप तारक-धाम हो ॥ ५ ॥

शुभ शीलव्रत से हीन हूं मैं, दान तप जप भाव से,
हे क्रोध माया मोह आदिक, कष्ट देते दाव से।
मैं पापकर्मों से सदा दुःख, विश्व में पाता रहा,
अब क्यों न मुझको पद्मप्रभुजी !, तारते दुःख से महा ? ॥ ६ ॥

सुपार्श्व जिन सुर इन्द्र वन्दित, अधम पावनकार हो,
आधार हो सब जीव के सब, भांति से अविकार हो।
संसार के अघ-ताप से, जगजीव को तुम तारते,
मैं भी अधम हुं नाथ ! मुझको, क्यों न आप उगारते ? ॥ ७ ॥

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિઘ્ન રહિત વૈરાગ્ય

## વૈરાગ્ય જ માત્ર ભયમુક્ત છે; બાકીની સર્વ વસ્તુ ભયયુક્ત છે

૧ **भोगे रोगभयं**—પાંચે ઇન્દ્રિયના ભોગ-વિલાસમાં રક્તપણાથી રોગનો ભય છે. અ ભોગ-વિલાસ રોગનું ધામ છે. કહ્યું પણ છે કે—' **रसमूलाश्च व्याधयः** '

૨ ઉચ્ચ કુળ પામી મદ-અભિમાન કરવાથી તે જ ભવમાં કે અન્ય ભવમાં ભરત મ રાજના પુત્ર મરીચિની પેઠે નીચ કુળમાં અનેક વખત અવતાર લેવા પડે છે.

૩ પૈસા પામી કૃપણતાને વશ થઇ તેનો સદુપયોગ નહીં કરનારના પૈસા ઉપર રાજાદિકની ક નજર થતાં ધૂળધાણી થાય છે અને અહીં પ્રત્યક્ષ હેરાનગતિ ભોગવી અંતે દુર્ગતિ ક પામે છે; માટે ઉદારતાને સ્વીકારો.

૪ કંઇ પણ કામ કરી યશ-કીર્તિ મેળવી માન પામવા જતાં દીનતા-પરાધીનતા સે પડે છે અને તેમ કરતાં છતાં તેમાં નિષ્ફળતા મળવાથી જીવને ભારે ખેદ-ઉદ્વેગ થાય છે

૫ બળ-પરાક્રમ ફોરવી બીજાનો પરાભવ કરવા જતાં, કઇકને પ્રતિકૂળતા ઉપજાવતાં શત્રુ ભય રહે છે, વેર વિરોધ વધે છે અને તેથી સ્વપરને ભારે અશાન્તિ ઉપજે છે.

૬ સુંદર રૂપ પામેલી સ્ત્રીને મોહાસક્ત-કામાન્ધજનો તરફથી ફસાઇ જવાનો ભય રહે છે

૭ અનેક પ્રકારે ગુંથી કાઢેલી શાસ્ત્ર-જાળમાં સબળ યુક્તિ-પ્રયુક્તિવાળા વાદનો ભય છે.

૮ કોઇ પણ જાતનો સાંસારિક ઉત્કર્ષ પામતાં-પામવા જતાં, ખળ-દુર્જનો તરફની નિં ટીકા-અપવાદાદિક સહન કરવા પડે છે અને તેમનો સામનો કરવો પડે એવો રહ્યા કરે છે.

૯ જે કાયા ઉપર ભારે માયા-મમતા ધારણ કરી તેને મનગમતી રીતે પોષવામાં આવે તે કાચી કાયા જોતજોતામાં ક્રૂર કાળના પંજામાં આવી પડે છે ને તેનો વિનાશ પામે છે. " આમ સંસારના મનોહર પણ ક્ષણસ્થાયી સઘળાં સાધનો અનેક ભરેલાં છે. વિવેકથી વિચારતાં જ્યાં ભય ભર્યો છે ત્યાં કેવળ શોક જ રહ્યો છે. જ્યાં ભર્યો હોય ત્યાં સાચા સુખનો અભાવ હોય છે, અને જ્યાં સુખનો અભાવ અને દુઃ નિરાશાનો અનુભવ થયા કરતો હોય ત્યાં ઉપશમ-વૈરાગ્ય-નિવૃત્તિ જ સેવવા લેખાય." એ રીતે વિશાળ રાજ્યના ભોગી છતાં વૈરાગ્ય પામેલા ભર્તૃહરિ પ્રમુખ તત્ત્વવેત્તાઓએ પોતાના અનુભવ-ઉદ્ગાર કાઢેલા છે. તેનો સાર નીચેના શબ્દોમાં જાય છે. ' અહો લોકો ! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એને પાર માટે તત્ત્વજ્ઞાન-જ્ઞાનીનો આશ્રય લઇ પુરુષાર્થનો ઉપયોગ કરો ! ઉપયોગ કરો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશમાં એમનો આશય પ્રત્યેક પ્રાણીને શોક-ક્લેશથી મુક્ત કરવાનો હતો અને સાચા સુખ-સાધન તરફ વાળી તેમને સાચા સુખનો ભેટો કરાવવાનો હતો. એ સઘળા જ્ઞાનીઓ કરતાં પરમ માન્ય રાખવા યોગ્ય સર્વજ્ઞ મહાવીરના વચન સર્વ સ્થળે એ જ ઉપદેશે છે કે—'સંસાર એકાન્ત અને અનંત શોકમય તેમજ દુઃખથી ભરેલો છે, માટે અહો ભવ્ય જનો ! એમાં મધુરી મોહની ન આણતાં એનાથી નિવૃત્ત થાઓ ! નિવૃત્ત થાઓ !' ભગવાન મહાવીરનો એક સમય માત્ર પણ પ્રમાદમાં રહેવાનો ઉપદેશ નથી. એમનાં સઘળાં પ્રવચનોમાં એમણે એ જ પ્રદર્શિત કર્યુ છે તેમ તેને સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. ઉત્તમ પ્રકારની સકળ ભોગ-સામગ્રી સ્વાધીન છતાં તેના ઉપરની મોહિનીને ઉતારી દઇ જ્ઞાન-દર્શન-ચારિત્રપરાયણ થઇ, એમણે સિંહની જેમ નિજ પરાક્રમ દાખવી જે અદ્ભુતતા દર્શાવી છે તે અનુપમ છે.

ઇતિશમ્

# सदुपदेश

૧ લૌકિક ભાવ છોડી દઇ, વાચા-જ્ઞાન તજી દઇ, કલ્પિત વિધિ-નિષેધ તજી દઇ, જે જીવ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાને આરાધી, તથારૂપ ઉપદેશ પામી, તથારૂપ આત્માર્થે પ્રવર્તે એટલે-' **તામસીવૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી શાળ રે** ' એવા શાન્તાત્માનું અવશ્ય કલ્યાણ થાય.

૨ નિજ કપોલકલ્પનાએ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિકનું સ્વરૂપ ગમે તેમ સમજી લઇને, અથવા નિશ્ચયાત્મક બોલો શિખી લઇને સદ્વ્યવહાર લોપવામાં જે પ્રવર્તે તેના આત્માનું કલ્યાણ થવું શક્ય નથી. અન્યત્ર ઠીક જ કહ્યું છે કેઃ—

**' જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. '** (આત્મસિદ્ધિશાસ્ત્ર)

૩ એકાન્ત ક્રિયા-જડત્વથી અથવા એકાન્ત શુષ્ક જ્ઞાનમાત્રથી જીવનું કલ્યાણ ન થાય.

૪ વ્યસન વધાર્યાં વધે છે, ઘટાડ્યાં ઘટે છે અને નિયમમાં રાખ્યા નિયમમાં રહે છે.

૫ માંસ-દારુ-શિકાર-ચોરી-જૂગાર-પરસ્ત્રીગમન-વેશ્યાગમન એ સાત કુવ્યસનોમાં ફસાવાથી ઘોરાતિઘોર નરક-યાતનાઓ ભોગવવી પડે છે. અરે ! ચા-બીડી-તમાકુ વિગેરેનું નજીવું વ્યસન કદાચ લાગે તો પણ તેથી કાયાને નુકશાન થાય છે-ઘતું જાય છે તથા મન પરવશ થતું જાય છે અને તેથી આ લોક અને પરલોકનું કલ્યાણ સાધવાનું ચૂકી જવાય છે.

૬ સ્થિતિ પ્રમાણે માણસની પ્રકૃતિ ન હોય તો તે માણસનું વજન પડે નહીં અને વજન વગરનો માનખો આ જગતમાં નકામો છે. સુભાગ્યે સાંપડેલો તે માનખો સફળ કરવા જેવો છે.

૭ પોતાને મળેલો મનુષ્ય દેહ ભગવાનની ભક્તિ અને સારા પરમાર્થના કામમાં ગાળવો જોઇએ.

૮ જીવને બે મોટાં બંધન છેઃ એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેના ઇચ્છા છે તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઇએ, અને પ્રતિબંધ ટાળવાની જેની ઇચ્છા છે તેણે સર્વ સંગના ત્યાગી થવું જોઇએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી. જેનો સ્વચ્છંદ છેદાયો છે તેને જે પ્રતિબંધ છે તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે, આટલી હિતશિક્ષા સ્મરણ કરવા જેવી છે.

૯ જે અધિકારી સંસારથી વિરામ પામી, મુનિશ્રીનાં ચરણકમળ યોગે વિચરવા ઇચ્છે છે તે લાયક અધિકારીને દીક્ષા આપવામાં મુનિશ્રીને બીજા પ્રતિબંધનો કંઇ હેતુ નથી. તે અધિકારીઓએ વડીલોનો સંતોષ સંપાદન કરી, આજ્ઞા મેળવવી યોગ્ય છે, જેથી મુનિશ્રીના ચરણ-કમળમાં દીક્ષિત થવામાં બીજો વિક્ષેપ ન રહે.

૧૦ કોઇ અધિકારીને સંસારથી ઉપશમ વૃત્તિ થઇ હોય, તથાવિધ વૈરાગ્ય જાગ્યો હોય અને તે આત્માર્થ સાધક છે એમ જણાતું હોય તો તેને દીક્ષા આપવામાં મુનિવરો અધિકારી છે. ફક્ત ત્યાગનાર અને ત્યાગ દેનારના શ્રેયનો માર્ગ વૃદ્ધિમાન રહે એવી દૃષ્ટિથી તે પ્રવૃત્તિ થવી જોઇએ.

૧૧ અલ્પાયુષી એવા આ દુષમ કાળમાં પ્રમાદ કર્તવ્ય નથી; તેથી આરાધક જીવોનો સુદ્રઢ ઉપયોગ વર્તે છે.

૧૨ પુદ્ગળ ભોગ ભોગવે છે તેથી અમને કર્મ લાગતાં નથી એમ કહે તે જ્ઞાનીની દૃષ્ટિનું વચન જ નથી, એ તો વાણીશૂરાનું કેવળ કલ્પિત મિથ્યા વચન છે.

૧૩ સ્વભાવ દશા તથારૂપ સંપૂર્ણ હોય તો તેથી મોક્ષ અને વિભાવ દશાથી જન્મ-જરા-મરણાદિ રૂપ સંસાર પ્રાપ્ત થાય છે. ઇતિશમ્

## " વિવેકકળા જાગે તો જીવનની સફળતા થવા પામે, તે વગર જીવન પશુ સમાન છે. "

ઉત્તમ જીવોએ બને એટલો સત્સંગ અને સતશાસ્ત્રનો પરિચય સેવવો-વધારવો યોગ્ય છે. વર્તમાન કાળમાં મુગ્ધ જનોને જ્ઞાન તથા શાન્તિ સાથે સંબંધ રહ્યો નથી. મતાચારે મારી નાંખ્યા છે.

**આશય આનંદઘનતણો, અતિ ગંભીર ઉદાર;**
**બાળક બાંહે પસારીને, કહે ઉદધિ વિસ્તાર.**

**ભગવતી-આરાધના** જેવાં પુસ્તકો તથાવિધ યોગ્યતાવાળા મહાત્માઓને તથા મહાવ્રતધારી મુનિરાજોને યોગ્ય છે. એવા ગ્રંથો ઓછી યોગ્યતાવાળા જેવાતેવાને આપવાથી લાભને બદલે ઊલટો અલાભ થાય છે. ખરા મુમુક્ષુઓને જ એ લાભકારી છે.

મોક્ષમાર્ગ એ અગમ્ય તેમજ સરળ છે. શી રીતે ? તે યથાર્થ સમજવું ઘટે છે.

**અગમ્યઃ**—માત્ર રાગદ્વેષાદિક વિભાવ દશાને લીધે મતભેદો પડવાથી કોઇ સ્થળે મોક્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગ યથાર્થ સમજાય એવું રહ્યું નથી, અને તેને લીધે વર્તમાનમાં તે અગમ્ય છે. આગમ મરી ગયા પછી અજ્ઞાનવડે નાડ ઝાલીને વૈદું કરવાના ફળની બરાબર મતભેદ પડવાનું વિષમ ફળ થયું છે અને તેથી મોક્ષમાર્ગ સમજાય તેવા રહ્યો નથી.

**સરળ**—મતભેદની કડાકૂટ જવા દઈ જો આત્મા અને પુદ્ગળ વચ્ચે વહેંચણ કરી, શાન્તતા અનુભવવામાં આવે તો મોક્ષમાર્ગ સરળ છે; દૂર નથી.

અનેક શાસ્ત્રો છે, તે એકેક વાંચ્યા પછી તેનો નિર્ણય કરવા માટે બેસવામાં આવે તો તે હિસાબે પૂર્વાદિકનું જ્ઞાન તથા કેવલજ્ઞાન કેમે પ્રાપ્ત થાય નહીં અર્થાત્ કોઇ દિવસ પાર આવે નહીં, પણ તેની સંકલના છે અને તે શ્રીગુરુદેવ બતાવે છે કે જેથી અલ્પ સમયમાં તથાવિધ યોગ્યતાવંત મહાત્માઓ તેના પારને પ્રાપ્ત કરી શકે છે.

આ જીવે નવ પૂર્વ સુધી જ્ઞાન મેળવ્યું તો પણ કાંઇ સિદ્ધિ થઇ નહીં તેનું કારણ વિમુખદશાએ પરિણામ પામેલ છે. તે જો સન્મુખ ભાવે પરિણમે તો તત્ક્ષણ સિદ્ધ–મુક્ત થાય.

પરમ શાન્તરસમય 'ભગવતી આરાધના' જેવા એકજ શાસ્ત્રનું સારી રીતે પરિણમન થયું હોય તો બસ છે. જેનું રાગાદિની ગ્રંથી તૂટે એવું એક પણ પદ–વાક્ય–જ્ઞાન શ્રેષ્ઠ છે.

આ કાળમાં સંઘયણ સારાં નથી, આયુષની કંઇ નિશ્ચયપૂર્વક સ્થિતિ નથી, માટે જેમ બને તેમ આત્મહિતની વાત તરત જ કરવી, મુલ્તવી રાખવાથી ભૂલ થાય છે ને ખોઇ બેસાય છે. આવા સાંકડા ( વિષમ ) સમયમાં તો છેક જ સાંકડો સંયમ માર્ગ ગ્રહણ કરી લેવાય તો તેથી જ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવથી વીતરાગ ભાવ પ્રગટ થવા પામે.

કામ–ક્રોધ–લોભાદિ કોઇક જ વાર આપણાથી પરાભવ પામે છે નહીં તો ઘણી વાર આપણને થાપ મારી દે છે. એટલા માટે બનતાં સુધી જેમ બને તેમ ત્વરાથી તેમને તજવા સાવધાન રહેવું. જેમ વહેલું થવાય તેમ કરવું. શૂરવીરપણાથી તેવા તરત થવાય છે.

વર્તમાનકાળમાં દષ્ટિરાગી–દષ્ટિરાગાનુસારી માણસો વિશેષપણે વર્તે છે.

જો ખરા વૈદની પ્રાપ્તિ થાય અને તેના વચનાનુસારે વર્તવામાં આવે તો વ્યાધિનો જલ્દી અંત આવે છે, તેમ જો ખરા જ્ઞાની ગુરુની પ્રાપ્તિ થાય તો રાગ–દ્વેષાદિક દુષ્ટ વિકાર ટળી જાય, આત્માની શાન્તિ ઘણી જ સુગમતાથી અને સહજમાં થવા પામે છે.

તપ–સંયમાદિક ક્રિયા કરવામાં તત્પર એટલે અપ્રમાદી થવું. પ્રમાદ કરીને કોલટા કાયર થયું નહીં.

**સંગ્રાહક—સ. ક. વિ.**

## પર્યુષણ પર્વ

શ્રાવણ વદિ ૧૨ ગુરુવાર–અઠ્ઠાઇધર
( વદિ ૧૩ નો ક્ષય )
ભાદરવા શુદિ ૧ રવિવાર–કલ્પધર
ભાદરવા શુદિ ૨ સોમવાર–શ્રીમહાવીર જન્મવાંચન

ભાદરવા શુદિ ૩ ભોમવાર–તેલાધર
ભાદરવા શુદિ ૪ બીજી–ગુરુવાર–
સંવચ્છરી–વાર્ષિક પર્વ
( કલ્પધરનો છઠ્ઠ વદ ૦)) ને શુદિ ૧ નો કરવો ઠીક છે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મતત્ત્વ

( ગતાંક પૃષ્ઠ ૧૫૯ થી )

**નિર્જરા**—નિર્જરાના બે ભેદ: એક અકામ નિર્જરા, બીજી સકામ નિર્જરા. કર્મની સ્થિતિ પરિપક્વ થવાથી–પૂર્ણ થઈ જવાથી જે કર્મો ઉદય આવીને પોતાની મેળે ખરી પડે છે તે **અકામ નિર્જરા** છે. આ નિર્જરા દરેકે નાના મોટા સંસારી જીવોને દરેક ક્ષણે થયા કરે છે. બીજી સકામ નિર્જરા છે તે કર્મની સ્થિતિ પૂરી થઇ હોય કે ન થઈ હોય છતાં તપ, જપ, દયાદાનાદિકે કરીને તે કર્મની સ્થિતિ જે સત્તામાં છે તેને ઉદીરણા કરીને ઉદયમાં લાવી ભોગવી લેવી–પૂરી કરી દેવી તેને કહે છે. જે લાંબા વખતે કર્મ ઉદયમાં આવવાના હતા તે કર્મની અવધિ પૂરી થયા પહેલાં પુરુષાર્થ કરીને નજીકમાં ઉદયમાં લાવીને ભોગવીને કાઢી નાખવા તે **સકામ નિર્જરા** છે. સંવર થયા પછી આ સકામ નિર્જરા આવે છે તે મોક્ષપ્રાપ્તિમાં મુખ્ય સાધન છે. કષાયોને દૂર કરીને જે સાધુ વિશુદ્ધ ધ્યાનનો અભ્યાસ કરે છે તેને કર્મની સકામ નિર્જરા થાય છે. જેઓ આત્મતત્ત્વમાં રક્ત થઇ, કર્મોનો સંવર કરી નિત્ય ધ્યાનમાં પ્રવૃત્તિ કરે છે તે જ કર્મની નિર્જરા કરે છે. સંવર કર્યા વિના સાધુને પણ નિર્જરા થતી નથી. ખરી વાત એ છે કે નવું પાણી આવ્યા જ કરતું હોય તો સરોવર ક્યાંથી ખાલી થાય? તેમ જ્યાંસુધી કષાયાદિ દ્વારા જીવરૂપ સરોવરમાં કર્મરૂપ પાણી આવ્યા જ કરતું હોય તો આત્મારૂપી સરોવર કેવી રીતે ખાલી થઇ શકે? અર્થાત્ ન જ થઇ શકે. આવતા કર્મને અટકાવવારૂપ સંવર કરવામાં ન આવે ત્યાંસુધી સકામ નિર્જરા થતી નથી.

આત્માના સ્વભાવરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્રનું એકાગ્રતાપૂર્વક ધ્યાન કરવાથી કર્મનો ક્ષય થાય છે. ધ્યાનમાં મનની મુખ્યતા છે તે મન જડ માયામાં વારંવાર દોડાદોડ કરે છે ત્યાંથી પાછું ખેંચી લાવીને આત્મામાં એકાગ્ર કરવાથી–આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણમાં જોડી દેવાથી કર્મની નિર્જરા થાય છે.

બાહ્ય પરિગ્રહ ધન, ધાન્ય, સ્ત્રી, પુત્રાદિ અને અભ્યંતર પરિગ્રહ રાગદ્વેષાદિ આ બંને પ્રકારની ગ્રંથીનો ત્યાગ કરનાર, લોકાચારથી પરાઙ્મુખ થનાર–લોકાચારની દરકાર નહિ કરનાર, ઇંદ્રિયોને વશ કરનાર અને મનને સંકલ્પવિકલ્પના વ્યાપાર રહિત બનાવનાર સર્વ કર્મોને ધોઈ નાંખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભ, અશુભ અને શુદ્ધ એમ ત્રણ પ્રકારના ભાવ–લાગણીઓ છે, તેમાંથી જે મનુષ્ય પ્રથમની શુભાશુભ લાગણીઓનો ત્યાગ કરી છેલ્લી શુદ્ધ લાગણી ધારણ કરે તેના કર્મનો ક્ષય થાય છે. શુભ ભાવથી પુન્યબંધ, અશુભથી પાપબંધ અને વિશુદ્ધ પરિણામથી આત્માની નિર્મળતા થાય છે. જેઓના પરિણામ શુભાશુભ હોય છે તે પુન્ય–પાપ ઉપાર્જન કરી ચાર ગતિમાં પરિભ્રમણ કર્યા કરે છે પણ વિશુદ્ધ ભાવથી કર્મની નિર્જરા કરી અંતે મોક્ષ પ્રાપ્ત કરે છે.

શુદ્ધ આત્મતત્ત્વને જાણ્યા વિના બાહ્ય તપ કરવાથી કે અભ્યંતર તપ કરવાથી કર્મની નિર્જરા થતી નથી. શુદ્ધ આત્મતત્ત્વને જાણ્યા પછી જ બાહ્ય કે અભ્યંતર તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. તે જ તપ જો અજ્ઞાનપૂર્વક કરવામાં આવે તો અકામ નિર્જરાનું કારણ બને છે–થાય છે. આત્મસ્વરૂપના જ્ઞાન વિના સંયમ આદરવાથી કે પાળવાથી પણ કર્મની નિર્જરા થતી નથી તેમજ આત્મસ્વરૂપનું જ્ઞાન કરીને પણ સંયમ ન પાળવાથી કર્મની નિર્જરા થતી નથી. સકામ નિર્જરા કરવામાં આત્મજ્ઞાન સાથે પવિત્ર સંયમ પાળવાની પણ જરૂર છે.

લોકાચાર કે જે ગાડરીયા પ્રવાહ જેવો કેટલેક ભાગે હોય છે તેનો ત્યાગ કરી, આત્મતત્ત્વના આચરણમાં આદરવાળા સાચા સંયમવાન યોગી કર્મોની નિર્જરા કરે છે. જે લોકોત્તર આચાર જ્ઞાની પુરુષોનો ઉપદેશેલો છે અને આત્મમાર્ગને અનુકૂળ છે તેનો ત્યાગ કરીને જે ગાડરીયા પ્રવાહરૂપ લોકાચારનું આચરણ કરે છે તેનું નિર્જરામાં કારણભૂત સંયમ નાશ પામે છે. જે પવિત્ર ચારિત્રનું આચરણ કરે છે છતાં વાસ્તવિક રીતે નિશ્ચય–વ્યવહારરૂપ જ્ઞાનીઓના અપેક્ષાવાદમાં શ્રદ્ધા કરતા નથી તેની આત્મશુદ્ધિ થતી નથી. શુદ્ધિ ન થવાનું મુખ્ય કારણ એ છે કે પવિત્ર વર્તન સાથે જ્ઞાનની પણ જરૂર છે. એકલા જ્ઞાનથી, એકલા દર્શનથી કે એકલા ચારિત્રથી પૂર્ણતા પ્રાપ્ત થતી નથી.

**અજ્ઞાની બંધાય છે ત્યાં જ્ઞાની મુક્ત થાય છે**—ઇંદ્રિયોના વિષયો સેવતાં જ્યાં અજ્ઞાનીઓ બંધાય છે ત્યાં જ જ્ઞાનીઓ કર્મોથી મુક્ત થાય છે. શુભાશુભ વિકલ્પોવડે શુભાશુભ કર્મ બંધાય છે પણ બેમાંથી એકે જાતનો વિકલ્પ ન કરનાર સર્વ દ્રવ્ય ભોગવતાં છતાં નિર્જરા કરે છે. પદાર્થનો ભોગોપભોગ કરતાં તેમાં રાગદ્વેષ કરતો હોવાથી કર્મથી બંધાય છે. જ્ઞાની તે પદાર્થના ભોગોપભોગ વખતે રાગદ્વેષવાળા વિકલ્પો કરતો નથી જેથી તે બંધ પણ પામતો નથી અને જે કર્મ તેણે ભોગવ્યા તે પૂર્વના કર્મની ભોગવીને નિર્જરા કરે છે.

હું કોઇનો નથી, મારું અન્ય કોઇ નથી, બધા પદાર્થો મારાથી પર છે. આ પ્રમાણે દ્રઢ માન્યતાવાળો ત્યાગી–યોગી બધા કર્મોને ધ્રૂજાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા જ પરમાત્મા થાય છે એટલે પરમાત્મા આપણા દેહની જ અંદર છે. તે પરમાત્મા આત્મામાંથી જ પ્રગટ થવાનો છે; બહાર ક્યાંઇથી આવવાનો નથી.

પોતાના આત્મામાં સ્થિરતા કરવા ઇચ્છનારા મનુષ્યોએ જે જે મુશ્કેલીઓ આવી પડે તે તે સમભાવે સહન કરવી જોઇએ. જે જે પરિષહો-ઉપસર્ગો બીજા તરફથી આવે તે સહન કરવાની ટેવ પાડવી જોઇએ. આ મુશ્કેલીઓ સહન ન કરી શકનારનું આત્મજ્ઞાન તેવા મુશ્કેલીના પ્રસંગો આવી પડતાં નાશ પામે છે, માટે શક્તિ અનુસારે સુખની માફક દુઃખદ પરિષહો સહન કરવાની ટેવ પાડવી જોઇએ. ઇષ્ટના અભાવવાળી કે અનિષ્ટના સંયોગવાળી સ્થિતિ આવી મળતાં સમભાવ રાખી આત્મભાન બરાબર ટકાવી રાખવા પ્રયત્ન કરવો જોઇએ. અમુક વસ્તુનો આગ્રહ રાખવો કે અમુક વિના ન જ ચાલે તેવી લાગણીઓ ધરાવવી તે આર્ત્તધ્યાનરૂપ અશુભ ધ્યાન ઉત્પન્ન કરનારી છે. આર્ત્તધ્યાનથી જીવ ઘણા નવીન અશુભ કર્મ બાંધે છે માટે જે જે વખતે જે જે વસ્તુ વિગેરે મળી આવે તેમાં સંતોષ માનતા અને તેથી ચલાવી લેતાં ટેવાવું જોઇએ.

**આત્મજ્ઞાનવડે શુદ્ધિ**—આત્માના જ્ઞાનવડે જ આત્માની શુદ્ધિ થાય છે. આત્મા સિવાય અન્ય પદાર્થ જડ-પુદ્ગળ માયારૂપ છે યા અજીવ છે, તે પદાર્થોનું તો આત્માની આડે આવરણ જ છે. આ આવરણ એ જ અશુદ્ધિ છે. તે પદાર્થથી આત્માની શુદ્ધિ થઈ શકે જ નહિ પણ તેના ત્યાગથી જ શુદ્ધિ થાય.

આત્મસ્વરૂપનો વિચાર નહિ કરનાર પરદ્રવ્યનો ત્યાગ કરી શકતો નથી. આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર કરવો, હું આત્મા છું એવી પ્રબળ ભાવના વધારવી, આત્માની અનંત શક્તિનો તેમજ તેના જ્ઞાતા-દ્રષ્ટાપણાના ગુણનો વિચાર કરવો, આત્માના દરેક પ્રદેશમાં હું અનંત બળવાન-જ્ઞાનવાન આત્મા છું એવી જાગૃતિ કરવી તે પરદ્રવ્યને આત્માથી અલગ કરવાનો ઉપાય છે. આત્માથી પરદ્રવ્યને અલગ કરવાની ઇચ્છાવાળાઓએ પરદ્રવ્યને પણ જાણવું જોઇએ. જે પરદ્રવ્યને જાણતો નથી તે આત્મદ્રવ્યને ગ્રહણ કરી શકતો નથી.

પરદ્રવ્યથી વિરક્ત થવા અને સ્વતત્ત્વ તરફ પ્રેમ રાખવા માટે આ સર્વ કર્મોથી છૂટા થવા અર્થે આ જગતના સ્વભાવનો વિચાર કરવો યોગ્ય છે.

પદાર્થોની અનિત્યતા, જીવોની અશરણતા, સંસારની વિવિધતા, કરેલ કર્મોનું જીવોને એકલા ભોગવવાપણું, દેહ અને આત્માની ભિન્નતા, શરીરની અશુચિતા, કર્મને આવવાના માર્ગો, કર્મને આવતા અટકાવવાના ઉપાયો, કર્મોને આત્માથી અલગ કરવાના પરિણામો વિગેરેનો વિચાર કરવો. જગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિઓની વિષમતા, પાંચ ઇંદ્રિયજન્ય વિષયોના વિરસપણાનો વિચાર કરવો, તે પછી આ સંસારના સુખનો અને આત્માની શાન્તિનો મુકાબલો-સરખામણી કરી જોવી તેથી સંસારની અસારતા સમજાયા વિના રહેશે નહિ.

આ પ્રમાણે પરદ્રવ્યના પ્રસંગને દૂર કરનાર યોગી ઇંદ્રિયના સમૂહને અત્યંત ચપળ જાણીને અંતર્મુખ દૃષ્ટિ કરી, નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વભાવવાળા આત્માનું ધ્યાન કરી, કર્મોની નિર્જરા કરી, નિત્ય જ્યોતિસ્વરૂપ નિરુપમ પદને પ્રાપ્ત થાય છે.

**મોક્ષ**—બંધના કારણો બંધ થતાં આવતા કર્મો સર્વથા બંધ થાય છે અને નિર્જરાવડે પૂર્વના બાંધેલા કર્મો આત્માથી સદાને માટે અલગ થાય છે તે સ્થિતિને મોક્ષ કહે છે. આ મોક્ષમાં સદાને માટે જ્ઞાનનો પ્રકાશ પ્રકાશતો જ રહે છે અને જન્મ-મરણ સદાને માટે બંધ થાય છે.

**આત્માને દેશકાળાદિ પ્રતિબંધક નથી**—જેમ સૂર્યને પ્રકાશ કરવામાં પ્રતિબંધરૂપે વાદળોનો સમૂહ છે પણ દેશકાળાદિ પ્રતિબંધક નથી તેમ વિશ્વના સર્વ પદાર્થોને આત્મા જાણી શકે છે, તેમાં દેશકાળાદિ પ્રતિબંધક નથી પણ જ્ઞાનાવરણીય કર્મ છે તે જ પ્રતિબંધક છે. આત્મા અને કર્મનો અભેદ સંબંધ નથી પણ સંયોગ સંબંધ છે તેથી જ કર્મો આત્માથી દૂર થઇ શકે છે.

**પ્રયત્ન વિના મુક્ત ન થવાય**—જેમ કેદખાનામાં પડેલો અપરાધી મનુષ્ય પુરુષાર્થરૂપ ઉપાય કર્યા વિના મુક્ત થતો નથી તેમ વિવિધ પ્રકારના જડ ચૈતન્યના-બંધ મોક્ષના જ્ઞાનને જાણવા છતાં તેના નિવારણ માટે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તન કરવારૂપ ઉપાયો કર્યા વિના કર્મથી બંધાયેલો આત્મા મુક્ત થઇ શકતો નથી, પણ જે મનુષ્ય આત્મા અને કર્મના ભિન્ન ભિન્ન લક્ષણોવડે બંનેના ભેદોને સમજીને શુદ્ધ આત્મતત્ત્વમાં સ્થિરતા કરવારૂપ સદુપાય કરે છે તે આત્મા કર્મોથી મુક્ત થાય છે. આ ઉપરથી એ વાત સ્પષ્ટ થઇ કે-કર્મોથી મુક્ત થવાનો ઉપાય કેવળ જ્ઞાન જ નથી પણ જ્ઞાનની સાથે આત્મામાં પરિણમી રહેવારૂપ ક્રિયા પણ છે કે જે બંધનથી મુક્ત થવાનો ઉત્તમોત્તમ ઉપાય છે.

**ધ્યાનનું ફળ**—પૂર્ણ પરમાત્મસ્વરૂપની-પરબ્રહ્મની પ્રાપ્તિ થવી તે ધ્યાનનું મુખ્ય ફળ છે. આ ફળ એકાંતિક છે. તેમાં અપવાદ નથી તેમજ તે આત્મગમ્ય છે. તે અનુત્તર ફળ છે. તેનાથી આગળ બીજું ઉત્તમ ફળ પ્રાપ્ત કરવા યોગ્ય રહેતું નથી માટે બુદ્ધિમાનોએ વાદ-પ્રતિવાદ આદિ વાસનાઓનો ત્યાગ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરબ્રહ્મરૂપ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે અહીં જ પ્રબળ પુરુષાર્થ કરવો. વાદવિવાદ કરવાથી વસ્તુતત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

**આત્મસિદ્ધિના બાહ્ય સાધનો**—ઉત્સાહ, નિશ્ચય, ધૈર્ય, સંતોષ, તત્ત્વજ્ઞાન અને એકાંતવાસ-આ બાહ્ય સાધનો આત્મસ્વરૂપ પ્રગટ કરવામાં ઉપયોગી છે. શુદ્ધ આત્મધ્યાન એ અંતરંગ સાધન છે.

આગમના જ્ઞાનવડે, અનુમાનથી અથવા તર્કવિતર્કદ્વારા કરેલા વસ્તુના નિશ્ચયથી અને તે પછી ધ્યાનના અભ્યાસવડે બુદ્ધિને વિશુદ્ધ અને તિક્ષ્ણ બનાવનાર મનુષ્ય ધ્યાનનો અભ્યાસ શરૂ કરી શકે છે. આત્મધ્યાનમાં પૂર્ણ રસ પ્રગટ થવો તે વિદ્વત્તાનું પરમ ફળ છે. જો આવી પ્રખર વિદ્વત્તા મેળવવા છતાં આત્મધ્યાન તરફ તેની પ્રવૃત્તિ ન જ હોય પણ કેવળ શાસ્ત્રો ભણવા અને બીજાને ઉપદેશ કરવો તેટલા માત્રમાં જ તે વિદ્વાન અટકી જાય તો જરૂર સમજવું કે આત્મધ્યાન વિના આ શાસ્ત્રોનું જ્ઞાન એ કેવળ સંસાર જ છે—સંસારનું જ કારણ છે.

**ચારિત્ર-વ્યવહારચારિત્રાદિ**—આચારવિચારનું જાણવું તે **જ્ઞાન**, તત્ત્વની રુચિ થવી-તત્ત્વ રુચવા તે **દર્શન** અથવા સમ્યક્ત્વ અને તપશ્ચર્યા કરવી, વ્રતો ધારણ કરવા તે **વ્યવહાર ચારિત્ર** છે.

**નિશ્ચયચારિત્રાદિ**—આત્મા આત્માવડે આત્મા તરફ પ્રવૃત્તિ કરે તે **નિશ્ચયચારિત્ર** છે. આત્મા આત્માવડે આત્માને જાણે તે **નિશ્ચયજ્ઞાન** છે અને આત્મા આત્માવડે આત્માને જુવે તે **નિશ્ચયદર્શન** છે. વ્યવહાર છે તે સાધન છે અને નિશ્ચય છે તે સાધવાયોગ્ય છે-સાધ્ય છે.

વ્યવહારદૃષ્ટિએ ચારિત્ર એ મોક્ષનું કારણ છે પણ પરમાર્થદૃષ્ટિએ-નિશ્ચયદૃષ્ટિએ તો શુદ્ધ આત્માનું ધ્યાન કરવું તેજ મોક્ષનો માર્ગ છે. વ્યવહારચારિત્ર કારણરૂપ છે અને તેમાંથી નિશ્ચયચારિત્રરૂપ કાર્ય ઉત્પન્ન કરવાનું છે. વ્યવહારચારિત્ર તેની યોગ્યતામાં સુધારો કરીને તેના સાધ્ય તરફ લઇ જાય છે.

વ્યવહારનો માર્ગ બે પ્રકારનો છે: એક મોક્ષને અનુકૂળ છે અને બીજો સંસારને અનુકૂળ છે. મોક્ષને અનુકૂળ વ્યવહાર માર્ગ આત્મજાગૃતિપૂર્વક જિનેશ્વરોએ કથન કરેલો ચારિત્ર માર્ગ છે અને સંસારને અનુકૂળ વ્યવહાર માર્ગ તે આત્મદૃષ્ટિ સિવાયની અસમ્યક્ ચારિત્રની પ્રવૃત્તિ કરવી તે છે.

સમ્યક્ ચારિત્રનું આચરણ કરતાં કષાય તથા ઇંદ્રિયોનો જય થાય છે. કષાય તથા ઇંદ્રિયોના જયથી સ્વાધ્યાયમાં વૃદ્ધિ થાય છે. સ્વાધ્યાય કરવાથી ધ્યાન પ્રગટે છે. ધ્યાન છેવટે મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મજાગૃતિપૂર્વક આ ચારિત્રનું આરાધન કરવાથી શુભ ધ્યાનના જે જે વિરોધી તત્ત્વ છે તેનો વિરોધ થાય છે. આ ધ્યાન સિવાય અનંત શક્તિવાન શુદ્ધ આત્માને મેળવવાને કોઇ પણ જીવ શક્તિવાન થતા નથી.

જે બુદ્ધિમાન જીવો લોકપ્રવાહની અપેક્ષા રાખ્યા વિના રાગ, દ્વેષ, પ્રપંચ, ભ્રમ, મદ, કામ, ક્રોધ અને લોભાદિથી રહિત પવિત્ર ચારિત્ર આચરે છે અને નિત્ય અનુભવગમ્ય કર્મમળ રહિત આત્માના શુદ્ધ સ્વભાવનું ધ્યાન કરે છે તે કર્મ-શત્રુના સમૂહનો નાશ કરી મુક્તિના સુખને મેળવી શકે છે.

પુન્યથી ઉત્પન્ન થયેલા ભોગો પુન્યને આધીન હોવાથી પરવશ હોવાને લીધે દુ:ખરૂપ છે પણ યોગથી ઉત્પન્ન થયેલું જ્ઞાન આત્મસ્વરૂપ હોવા સાથે સ્વાધીન હોવાથી તે સુખરૂપ છે.

**ક્રોધાદિ એ આત્માનું કાર્ય નથી**—ઘડાની ઉત્પત્તિમાં માટી ઉપાદાન કારણ છે અને કુંભાર, ચાક, દંડ, દોરી આદિ નિમિત્ત કારણો છે તેમ આત્મામાં ક્રોધાદિની ઉત્પત્તિ મનાય છે તેમાં ઉપાદાન કારણરૂપ તો કર્મ છે અને ચેતના-આત્મા નિમિત્ત કારણ છે માટે ક્રોધાદિ આત્માનું કાર્ય નથી પણ કર્મોનું કાર્ય છે.

**ઉપાદાન કારણ**—જેમ દંડ, ચક્ર અને કુંભાર આદિ સામગ્રી તૈયાર હોય છતાં ઉપાદાન—મૂળ કારણરૂપ માટી વિના ઘડો ઉત્પન્ન થતો નથી તેમ મન, વચન અને શરીરની ક્રિયારૂપ સામગ્રી તૈયાર હોય છતાં તેના ઉપાદાન કારણ વિના કર્મ ઉત્પન્ન થતા નથી. ઘડો ઉત્પન્ન થવામાં ઉપાદાન કારણ જેમ માટી છે તેમ **કર્મનું ઉપાદાન કારણ રાગ દ્વેષની મલિનતા છે: તે હોય તો જ કર્મ ઉત્પન્ન થાય છે.**

**શુદ્ધ ભાવ કેમ કરવો?**—આત્માને શુદ્ધ ભાવમાં લાવવાની ઇચ્છાવાળા જીવોએ પ્રથમ પોતાના મનને પાંચે ઇંદ્રિયોના વિષયોમાંથી ખેંચી લેવું—પાછું હઠાવવું અને તે મનને આત્મામાં નિશ્ચળ કરવા માટે તે કાંઇપણ અશુભ ચિંતન ન કરે તે તરફ લક્ષ આપ્યા કરવું યા જોયા કરવું. લાંબા વખતના અભ્યાસે મન આત્મામાં લીન થાય છે, સંકલ્પવિકલ્પો કરતું બંધ થાય છે અને આ બાજુ આત્માનો જ્ઞાતા-દ્રષ્ટાપણાનો ભાવ પણ મજબૂત થાય છે, મન નિર્વિકલ્પ બને છે અને આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે. આ નિર્વિકલ્પ અવસ્થામાં પૂર્વનાં બાંધેલાં-સત્તામાં રહેલાં અને ઉદય આવેલાં કર્મોનો નાશ થાય છે. આ પ્રમાણે આત્માનો શુદ્ધ ભાવ પ્રગટ કરી શકાય છે. ( આલંબનમાં પરિપૂર્ણતા મેળવ્યા પછી જ ઉપર મુજબ થઇ શકે છે. )

**પરમાર્થ નહિ જાણવા છતાં વિષયોથી વિરક્તપણામાં અપૂર્વ ચમત્કાર**—એક મનુષ્ય પરમાર્થના માર્ગને જાણતા નથી છતાં તે વિષયોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્મરણ કે ઇચ્છા કરતા નથી. જે અવસરે જે મળી આવે તેમાં સંતોષ માને છે તે જીવ આ ભવમાં તેમજ પરભવમાં નિરંતર સુખી થાય છે. આનું કારણ એ છે કે વિષયોથી વિરક્ત થવું એ લાગણીઓમાં જ કોઇ અપૂર્વ ચમત્કાર રહેલો છે કે પરમાર્થ તરફ પ્રવૃત્તિ ન કરવા છતાં વિષયોથી વિરક્તપણાના પરિણામ તેને પરમાર્થના માર્ગ તરફ પ્રવૃત્તિ કરનારના જેવું ભાવી ફળ આપે છે.

એક રાગી મનુષ્ય ભોગ ભોગવતો નથી છતાં કર્મોવડે સારી રીતે બંધાય છે. બીજો વિરાગી મનુષ્ય પૂર્વના પુન્યોવડે પ્રાપ્ત થયેલા ભોગો ભોગવે છે છતાં કર્મવડે બંધાતો નથી. આ સ્થળે કર્મબંધમાં રાગની મુખ્યતા છે અને કર્મ છોડવામાં વિરાગની મુખ્યતા છે.

**શુભાશુભ કર્મ નાશથી મૂળનો નાશ**—કોઇ પણ વૃક્ષનું થડ કાપવાથી જેમ ફરી પલ્લવો, ડાળાં, પાંખડાઓ ફૂટી નીકળે છે પણ વૃક્ષના મૂળને કાપી નાંખ્યા પછી ડાળાં પાંખડાંઓ ફૂટતા નથી તેમ જન્મ-મરણ આપનાર કર્મોના એક ભાગને છેદવાથી વિકારો ફરી વાર પ્રગટ થાય છે પણ તેના મૂળનો નાશ કરવાથી ફરીને વિકારો પ્રગટ થતા નથી. જન્મ-મરણ આપનાર કર્મનો એક ભાગ તે શુભ તપશ્ચર્યા, વ્રતો, જપ, અહિંસા, પરોપકારાદિ કરીને અશુભ પર્યાયનો નાશ કર્યો, નાશ કર્યો એટલે આવતા અશુભ કર્મો અટકાવ્યા કેમકે શુભ કર્મ કરવાનો વખત એટલો બધો લીધો કે અશુભ કર્મ કરવાનો વખત ન મળ્યો તેથી અશુભ કર્મ ઓછા બાંધ્યા; પણ તે શુભ કર્મને લઇને ઉત્તમ ગતિમાં, ઉત્તમ જાતિમાં, ઉત્તમ ગોત્રમાં જન્મ ધારણ કરવો પડશે. ત્યાં બધા અનુકૂળ સંયોગો મળશે, મનગમતા પાંચ ઇંદ્રિયોના વિષયો ભોગવવાના મળશે તેવા અનુકૂળ સંયોગોમાં રાગ કરવાથી અને પ્રતિકૂળ સંયોગોમાં દ્વેષ કરવાથી તેમજ પાપ વધે તેવા આચરણો કરવાથી ફરી પાછા અશુભ કર્મના ડાળાં પાંખડા ઊગી નીકળવાનાં અને તેને અંગે જન્મ-મરણ વારંવાર કરવા પડવાના, માટે શુભાશુભ બન્ને પ્રકારના કર્મનો નાશ કરવો જોઇએ. તે મૂળનો નાશ કરવા બરોબર છે, તેથી ફરીને ભવવૃક્ષમાંથી જન્મ-મરણાદિ ડાળાં પાંખડા ઊગતાં અટકી જાય છે.

મૂળનો છેદ કરનાર તો શુદ્ધ આત્મધ્યાનનો માર્ગ જ છે માટે આ નજીકનો સીધો સરળ માર્ગ જેના હાથમાં આવ્યો છે અને જેને તે બરોબર સમજાયો છે તેને પુન્યબંધના લાંબા અને કિલષ્ટ રસ્તે જવાની કાંઇ જરૂર નથી. પોતાના આત્મામાં-અંતરંગમાં બિરાજમાન શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન કરવાથી તો મોક્ષની પ્રાપ્તિ થઇ શકે તેમ છે.

મુમુક્ષુ મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર—સોમચંદ ડી. શાહ—ઝીંઝુવાડાકર. )

**પ્રશ્ન ૧**—સરસ્વતી દેવીનું વાહન હંસ કે મયૂર ?

**ઉત્તર**—બંને વાહન હોવા સંભવ છે, કારણ કે તે મયૂરવાહિની ને હંસવાહિની બંને પ્રકારે વર્ણવાયેલ છે.

**પ્રશ્ન ૨**—પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં મોડા આવનાર બાકી રહેલ પ્રારંભનું ચાર સ્તુતિવાળું દેવવંદન પાછળથી કરી શકે ?

**ઉત્તર**—કરી શકાય, પણ બનતા સુધી છ આવશ્યક પૂરા થયા પછીના નમોડસ્તુ વર્દ્ધમાનાય પછી કહેવાતા નમુત્થુણંના જોડાણમાં કરે તે ઠીક છે, જેથી શ્રી અજિતશાંતિ સ્તવન બોલાય તેટલા વખતમાં થઇ જાય.

**પ્રશ્ન ૩**—જ્ઞાનદ્રવ્ય તરીકે જ્ઞાનપૂજનમાં આવેલ દ્રવ્ય શિક્ષકને પગારમાં અને વિદ્યાર્થીઓને પારિતોષિક તરીકે આપી શકાય ?

**ઉત્તર**—શિક્ષકને આપવામાં વાંધો લાગતો નથી પરંતુ જૈન શિક્ષક હોય ને તે લેવા ના પાડે તો ન આપવું. વિદ્યાર્થીને તો ન જ અપાય.

**પ્રશ્ન ૪**—દ્રવ્ય વિના ભાવ પ્રગટ થાય ? ન થાય તો મરુદેવા માતાને દ્રવ્યચારિત્ર સિવાય ભાવચારિત્રની પ્રાપ્તિ કેમ થઇ ?

**ઉત્તર**—દ્રવ્ય વિના ભાવની પ્રાપ્તિ ન થાય એમ એકાંતે સમજવું નહીં. ગૃહસ્થને દ્રવ્યની વિશેષ અપેક્ષા છે. મુનિને દ્રવ્યપૂજા વિના ભાવપૂજા થાય છે તેમ બીજી બાબત માટે પણ સમજવું.

**પ્રશ્ન ૫**—ધર્મના પ્રવર્તક પુરુષ જ હોય કે સ્ત્રી પણ હોય ?

**ઉત્તર**—ધર્મના પ્રવર્તક તરીકે જો તીર્થંકરને જ ગણો તો પુરુષ જ હોય. અનંત કાળે કોઇ સ્ત્રી પણ તીર્થંકર હોય પરંતુ તે આશ્ચર્ય ગણાય.

**પ્રશ્ન ૬**—તીર્થંકરો જ અરિહંત કહેવાય કે સામાન્ય કેવળી પણ કહેવાય ?

**ઉત્તર**—અરિહંત શબ્દનો અર્થ સામાન્ય કેવળીમાં પણ ઘટે છે પરંતુ શાસ્ત્રમાં **અરિહંત** શબ્દ તીર્થંકર માટે જ વાપરેલ છે, કારણ કે તેને બાર ગુણવાળા કહ્યા છે તે ગુણો સામાન્ય કેવળીમાં ન હોય.

**પ્રશ્ન ૭**—વાડીલાલ મોતીલાલે આત્માની શક્તિઓ અંતઃકરણમાં રહે છે એમ લખ્યું છે તે બરાબર છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—આમાં જો જ્ઞાન-દર્શન-ચારિત્રાદિને આત્માની શક્તિઓ ગણી હોય તો તે આપણા આત્મામાં સર્વ આત્મપ્રદેશે રહેલ છે. બાકી વ્યવહારૂ વચન તરીકે અંતઃકરણમાં કહે તો વાંધો જેવું નથી.

**પ્રશ્ન ૮**—તેમણે જ મનને અને ચિત્તને જુદા ગણ્યા છે તે બરાબર છે?

**ઉત્તર**—મન પૌદ્ગલિક છે ને ચિત્ત જ્ઞાનવાચક છે, તે આત્માનો ગુણ છે એમ કહે તો જુદા ગણી શકાય.

**પ્રશ્ન ૯**—માળારોપણની ઉછામણીનું દ્રવ્ય દેવદ્રવ્ય જ કહેવાય કે તે બીજામાં વાપરી શકાય?

**ઉત્તર**—એ વાત ઉપધાન વહેવરાવનારે મુનિની વિચારણા ઉપર છે.

**પ્રશ્ન ૧૦**—દુવિહારના પચ્ચખ્ખાણવાળો **ચા** સાથે દવા લઇ શકે?

**ઉત્તર**—ન લઇ શકે, કારણ કે દુવિહારમાં ચા ખપતી નથી.

**પ્રશ્ન ૧૧**—ઉપધાન વહન કરાવવાનો નિયત કાળ ખરો?

**ઉત્તર**—ચોમાસું બેઠા પછી વિજયાદશમી સુધી ન વહેવરાવાય; બાકીના વખત માટે છૂટ છે.

**પ્રશ્ન ૧૨**—શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે સકલાર્હતની કેટલી ગાથા બનાવી છે?

**ઉત્તર**—એ સ્તોત્ર શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના મંગળાચરણ તરીકે શ્રી હેમચંદ્રાચાર્યે રચેલ છે. તેમાં પ્રથમના ૨ અને ૨૪ પ્રભુના ૨૪ એમ કુલ ૨૬ અનુષ્ટુપ્ શ્લોક રચેલા છે. તેમાં વીરપ્રભુની સ્તુતિ તરીકે **કૃતાપરાધેઽપિ જને૦** એ ગાથા જ કહેલી છે. તે સિવાયની જે ગાથાઓ કહેવાય છે તે બધી પ્રક્ષેપ છે પરંતુ તે સ્તુતિરૂપ હોવાથી કહેવામાં વિરોધ નથી.

**પ્રશ્ન ૧૩**—યુગલિયાઓ એકથી વધારે યુગલને જન્મ આપે?

**ઉત્તર**—ન આપે; કારણ કે છ માસ આયુ શેષ રહે ત્યારે જ એક યુગલ જન્મે છે, અને ૧૫ માસ લગભગ બાકી રહે ત્યારે એક વાર જ યુગલિની ગર્ભ ધારણ કરે છે.

**પ્રશ્ન ૧૪**—શ્રુતદેવતા ને સરસ્વતી દેવી એક જ કે જુદા?

**ઉત્તર**—એક જ છે. તેને વાગ્દેવતા (વાગીશ્વરી), પ્રવચનાધિષ્ઠાત્રી પણ કહે છે.

**પ્રશ્ન ૧૫**—શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા અસંખ્ય કાળ કેમ રહી? તેનું કારણ આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ મંદિરની જેમ જીર્ણોદ્ધાર લખે છે તે બરાબર છે?

For Private And Personal Use Only

ઉત્તર—અહીં જીર્ણોદ્ધાર શબ્દ છે તે નવી બનાવવી એવા અર્થમાં નથી. પરંતુ દેવો નવા નવા પુદ્ગળ સ્કંધો મેળવીને સ્થિતિમાં વૃદ્ધિ કરે છે તે અર્થમાં છે.

**પ્રશ્ન ૧૬**—પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા ૧૮ માસ સુધી કયા ક્રમથી તપ કરે છે ?

**ઉત્તર**--તેને માટે પ્રવચનસારોદ્ધાર જુઓ. તેમાં તેનું વિસ્તારથી વર્ણન છે.

**પ્રશ્ન ૧૭**—કનકાચળ ને ગજપદ તીર્થ માટે મુનિ શ્રી કલ્યાણવિજયજી જૈન રૌપ્ય મહોત્સવ અંકમાં જે ખુલાસો કરે છે તે બરાબર છે ?

**ઉત્તર**—બરાબર હોય એમ લાગે છે.

**પ્રશ્ન ૧૮**—દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિથી વીરપ્રભુનો ગર્ભ સ્થાનફેર કરવાની ઇંદ્રને શા કારણે જરૂર જણાણી ?

**ઉત્તર**—એનું કારણ શ્રી કલ્પસૂત્રની સુબોધિકા ટીકામાં સ્પષ્ટ કરેલ છે તે સાંભળ્યું હશે, નહીં તો આ પર્યુષણમાં સાંભળશો.

**પ્રશ્ન ૧૯**-તિર્યંચગતિ ને તિર્યંગાનુપૂર્વી પાપપ્રકૃતિમાં ગણાય છે ને તેનું આયુ પુણ્યપ્રકૃતિમાં ગણાય છે તેનું શું કારણ ?

**ઉત્તર**-કર્મગ્રંથમાં તેનો ખુલાસો સારી રીતે કરેલો છે. સાર એ છે કે-તિર્યંચપણું પામવું તે પાપના ઉદયથી પમાય છે અને પામ્યા પછી જે વધારે આયુ ભોગવવું તે પુન્યના ઉદયથી થાય છે. વિકલેંદ્રિયથી માંડીને સર્વ તિર્યંચો મરવા ઇચ્છતા નથી; જીવવાને જ ઇચ્છે છે.

**પ્રશ્ન ૨૦**-દેરાસરની વસ્તુઓ વહીવટ કરનાર જૈનેતરને વાપરવા આપે તો તે પાપનો ભાગીદાર થાય કે નહીં ?

**ઉત્તર**-એમાં કઇ વસ્તુ છે તે જાણવું જોઇએ. બધી વસ્તુ માટે નિષેધ કરી શકાય નહીં ને એક સરખું ધોરણ હોય નહીં.

**પ્રશ્ન ૨૧**-કોઇ સાધુ કે સાધ્વી એકલા વિચરે તો તે શાસ્ત્રવિરુદ્ધ ગણાય કે નહીં ? અને તેને પોષણ આપવું તે તેનું અનુમોદન ગણાય કે નહીં ?

**ઉત્તર**-શાસ્ત્રવિરુદ્ધ તો છે જ. બાકી કોઇ વખતે કારણની વિચારણા કરવી પડે. વળી તેને પોષણ તો આપવું જ પડે પણ ઉત્તેજન આપે તો અનુમોદન લાગે. તેને સુધારવા બનતો પ્રયત્ન કરવો.

કુંવરજી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યાધિ ....ને વિરામ

[ તે પ્રસંગે ઉદ્‌ભવેલી વિચારશ્રેણી ]

—કુંવરજી

જગતના જીવો કર્મવશ હોવાથી અસાતાવેદનીય કર્મનો ઉદય થાય ત્યારે અન્યાન્ય નિમિત્ત પામીને અન્યાન્ય વ્યાધિના ભોગ થઈ પડે છે. તેમાં કેટલાક વ્યાધિઓ સામાન્ય હોય છે તે અલ્પ પ્રયાસે થોડા દિવસમાં શમી જાય છે, પરંતુ કેટલાક વ્યાધિઓ વિષમ હોય છે તે દીર્ઘ પ્રયાસે અને લાંબે દિવસે વિરામ પામે છે. એવા દીર્ઘ સ્થિતિવાળા વ્યાધિ પ્રસંગે સુજ્ઞ ગણાતા જૈન બંધુઓએ પોતાનો સમય કેમ વ્યતીત કરવો ? તે સંબંધી તાજું શિક્ષણ મળેલું હોવાથી અન્ય બંધુઓને કાંઈક જણાવવા ઈચ્છા થાય છે.

૧. એવા વ્યાધિ પ્રસંગે પ્રથમ તો કર્મોદય સંબંધી ખાસ વિચારણા કરીને અકળાવું નહીં, મનમાં શાંતિ રાખવી.

૨. અસહ્ય વેદના હોય ત્યારે પણ 'ઓય, હાય' શબ્દ ન ઉચ્ચારતાં 'અરિહંત, અરિહંત' શબ્દનું જ ઉચ્ચારણ કરવું.

૩. સાધારણ વેદના હોય તો જ્યારે અવકાશ મળે ત્યારે પરમાત્માના નામનું સ્મરણ કરવું અને પોતે કંઠસ્થ કરેલ પ્રકરણ–સ્તવન–સજ્ઝાયાદિ સંભારવા.

૪. ઔષધાદિના સંબંધમાં પણ પોતે ગ્રહણ કરેલ નિયમોને બાધ આવવા ન દેવો.

૫. પ્રાતઃકાળે પ્રાતઃસ્મરણ વિગેરે બુકોમાંથી મહામંગળકારી શ્રી ગૌતમસ્વામી વિગેરેના છંદો વાંચી શકાય તો વાંચવા, નહીં તો બીજા પાસે સાંભળવા.

૬. શ્રી ગૌતમસ્વામીનો રાસ જ્યારે જ્યારે ગણી શકાય ત્યારે ગણવો અથવા બીજા પાસે સાંભળવો કારણ કે તે મહામંગળકારી છે.

૭. બની શકે તો બે ટંક શ્રી અજિતશાંતિ સ્મરણ સાંભળવું. એ સ્મરણ મહાપ્રભાવિક અને અત્યંત લાભદાયક છે.

૮. જેમ જેમ વ્યાધિ લંબાય તેમ તેમ ધર્મભાવના લંબાવવી, પણ તેમાં સંકોચ કરવો નહીં.

૯. કોઈ પણ વ્યાધિ બાંધી મુદતવાળો જ હોય છે, તે મુદત પૂરી થયે અવશ્ય વિરામ પામે જ છે એ વાત ચોક્કસ લક્ષ્યમાં રાખવી.

૧૦. રાત્રીએ નિદ્રા લીધા અગાઉ બની શકે તો સારા સારા આધ્યાત્મિક પદો સાંભળીને તેના અર્થ વિચારવા. પ્રાંતે ચાર શરણ કરીને સૂવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૧. સૂતી વખત તેમજ જ્યારે જ્યારે જાગી જવાય ત્યારે ત્યારે નવકાર ગણવા, ઉપરાંત પરમાત્માના નામનું સ્મરણ કરવું અથવા સંથારાપોરિસીમાંથી 'एगोऽहं नत्थि मे कोइ०' વિગેરે ગાથાઓ મનમાં ગણવી ને તેનો અર્થ વિચારવો જેથી પારમાર્થિક લાભ સાથે નિદ્રાનો લાભ પણ મળી શકશે.

૧૨. પ્રાતઃકાળે કોઇ પણ તીર્થંકરની કે ગૌતમસ્વામીની છબિના દર્શન જરૂર કરવા.

૧૩. સવારે જ્યારે દાતણ કરવું હોય ત્યારે બનતાં સુધી સૂર્યોદય પછી બે ઘડી ગયા પછી કરવું ને તે વખતે ત્રણ નવકાર જરૂર ગણવા.

૧૪. રાત્રીએ વ્યાધિને અનુસરીને દુવિહાર, તિવિહાર કે ચૌવિહાર કરવાનું ન ભૂલવું, ચારે આહાર તો છૂટા ન જ રાખવા.

૧૫. ચૌદ નિયમ ધારતા હઇએ અને તે ધારી શકાય તેવી ઉપયોગવાળી સ્થિતિ થાય ત્યારે જરૂર ધારવા.

૧૬. સવારે સકળતીર્થ મનમાં બોલી તેમાં કહેલા જે જે તીર્થોની યાત્રા કરી હોય તે તે સ્થળના નામ સાથે તે સ્થળનું સ્મરણ કરવું–યાદદાસ્ત તાજી કરવી.

૧૭. ઔષધ લેવાના સંબંધમાં કે પથ્ય પાળવાના સંબંધમાં જેની દવા કરતા હોઇએ તેના કહ્યા પ્રમાણે જ વર્તવું, તેમાં ગફલત કરવી નહીં, તેમ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો નહીં.

૧૮. આરામ શરૂ થાય ત્યારથી ધર્મભાવનામાં વૃદ્ધિ કરવી.

૧૯. આરામ થવા માંડે ત્યારે પથ્ય પાળવામાં વિશેષ ધ્યાન આપવું. જિહ્વા ઇંદ્રિયને વશ થઇ જે તે ખાવાની ઇચ્છા ન કરવી.

૨૦. વ્યાધિને પ્રસંગે પોતાને અર્થે ખાસ જરૂર સિવાય વિશેષ આરંભ સમારંભ ન થાય તેનું ધ્યાન રાખવું.

૨૧. ઔષધ વિશેષ કિંમતી હોય તે જ ફાયદો કરે છે એવી ધારણા ન રાખતાં અલ્પ કિંમતવાળા દેશી ઔષધો પણ ઘણો લાભ કરે છે એ વાત ભૂલી ન જવી.

૨૨. વ્યાધિના પ્રસંગમાં પોતે વૈદ્ય અથવા ડૉક્ટરને આધીન છે એવી મનોવૃત્તિ રાખી તે કહે તે પ્રમાણે વર્તન રાખવું.

૨૩. બનતા સુધી વિષમ વ્યાધિ પ્રસંગે પ્રથમથી વિચાર કરીને એક જ વૈદ્ય કે ડાક્ટરની દવા શરૂ કરવી ને કાયમ રાખવી. સલાહ મેળવવા માટે બીજા વિશેષ સુજ્ઞ વૈદ્ય કે ડૉક્ટરને બોલાવવાની જરૂર પડે તો બોલાવવા પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈદ્યના કે ડૉકટરના વારંવાર ફેરફાર કરવા નહીં, એમ કરવાથી પ્રાયે ફાયદાને બદલે નુકશાન થાય છે.

૨૪. વ્યાધિના સમયમાં જેમ બને તેમ આસાએશ વધારે લેવી. આસાએશ પણ સારા ઔષધની ગરજ સારે છે.

૨૫. વ્યાધિના પ્રસંગે વસ્ત્રાદિ અશુદ્ધ હોવાના કારણે મુખોચ્ચારથી નવકારાદિ ન ગણવા, પરંતુ મનમાં તો જ્યારે ચિત્ત સ્વસ્થ હોય ત્યારે અવશ્ય નમસ્કારાદિનું સ્મરણ કર્યા કરવું.

૨૬. વિષમ વ્યાધિ પ્રસંગે પણ બનતા સુધી પ્રવીણ દેશી વૈદ્યની દવા કરવાનું ધ્યાનમાં રાખવું, કારણ કે એમાં ધર્મ જળવાય છે. કદી વ્યાધિ પરત્વે ખાસ ડૉકટરની દવા કરવાની જરૂર જ પડે તો તેની પ્રવાહી દવા ન વાપરવી. તે પણ વાપરવીજ પડે તો ખાત્રી કરવી કે તેમાં ધર્મને બાધ આવે તેવું નથી. જો સચિત્તનો ત્યાગ હોય તો ઠારેલું પાણી સાથે લઇ જઇ તેમાં દવા મેળવાવવી.

૨૭. હાલમાં ઇંજકશનની પ્રવૃત્તિ બહુ વધી પડી છે. તેના અનેક કારણો છે. આપણે તો તેમાં ખાસ વિચારવાનું એ છે કે તેને માટે વપરાતી દવા શેની બને છે? મારી તજવીજ ઉપરથી જણાયું છે કે તે દવા બહોળે ભાગે તિર્યંચ પંચેંદ્રિય જીવોના વધથી ને તેના કાઢેલા સત્ત્વથી બને છે. આ પ્રવૃત્તિમાંથી આપણા મુનિઓ પણ બચ્યા નથી. કેટલાક તો તેના રસીયા બની ગયા છે તે જાણી અત્યંત ખેદ થાય છે.

૨૮. હાલમાં દરેક વ્યાધિવાળાને પ્રાયે મોસંબીનો રસ આપવાની પ્રવૃત્તિ વધી પડી છે. દેશી વૈદ્યો પણ તે બતાવવા લાગ્યા છે. તેમાં શ્રાવકના સંબંધમાં તો ખાસ વિરૂદ્ધતા તિથિને અંગે અને ત્યાગ હોય તો વનસ્પતિની વિરાધનાને અંગે છે, પરંતુ મુનિસમુદાયમાં પણ કેટલાક તો તે રસના રસીયા બની ગયા છે. તેમાં વનસ્પતિની વિરાધનાનો, આધાકર્મીનો, સચિત્તપણાનો કે તિથિનો વિવેક પણ ભૂલી જાય છે. કેટલાક તો દરરોજ તે રસ પીએ છે. તૈયાર મળે તો લેવાને બદલે ખાસ પ્રેરણા કરવામાં આવે છે. આ બાબતમાં કેટલી દિલગીરી બતાવવી?

ટૂંકામાં ધર્મ ચૂકીને જીવવું તે ન જીવ્યા બરાબર મને તો લાગે છે.

---

**સ્પષ્ટતા**—અમે અમારા 'અશાડ' માસના અંકમાં પુસ્તકોની પહોંચમાં '**દિશા બદલો**' એ નામની બુકની પહોંચમાં 'લેખક જ દિશા બદલવાની જરૂર છે' એમ જે લખ્યું છે તેનો અર્થ એ છે કે—'સમાજની શાંતિને માટે કોઇની પણ ભૂલો જાહેર કરતાં અટકો એ હિતાવહ છે.'

તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૂક્તમુક્તાવલી :: સિંદૂર પ્રકર

## સમશ્લોકી ભાષાંતર (સભાવાર્થ)

(૬) સત્યદ્વાર

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૬ થી)

### માહાત્મ્યનું મંદિર સત્ય

(શાર્દૂલવિક્રીડિત)

**વિશ્વાસગૃહ, આપદાહર, સુરોદ્વારા પૂજા પામતું,**
**મુક્તિ-સંબલ, નીર-અગ્નિશમન, વ્યાઘ્રાદિ થંભાવતું;**
**શ્રીઉત્પાદન કીર્તિકાનન અને સૌજન્યનું જીવન,**
**શ્રેયઃકામ પ્રભાવધામ વચ છે સાચું ખરે! પાવન. ૧**

પવિત્ર સત્ય વચન વિશ્વાસનું ઘર છે, આપત્તિ હરનાર છે, દેવતાઓથી પણ પૂજાય છે, મુક્તિનું ભાતું છે, જળ-અનલને શમાવનારું છે, વ્યાઘ્ર-સર્પ આદિને થંભાવનારું છે, સમૃદ્ધિનું ઉત્પાદક છે, કીર્તિનું ક્રીડાવન છે, સૌજન્યનું જીવન છે, કલ્યાણનું નિવાસસ્થાન છે અને પ્રભાવનું મંદિર છે.

સત્યવાદીનો સર્વ કોઈ વિશ્વાસ કરે છે અને અસત્યવાદીનો કોઇ વિશ્વાસ ગણતું નથી, એ જગપ્રસિદ્ધ છે. સત્યવાદીની પ્રતિષ્ઠા જ એવી પડે છે કે તેનામાં વિશ્વાસ મૂકતાં કંઈ પણ આંચકો લાગતો નથી, એટલા માટે સત્ય વચનને અત્રે વિશ્વાસનું ગૃહ કહ્યું છે.

ગમે તેવી આપત્તિ આવી પડી હોય તે પણ સત્યના પ્રભાવે શીર્ણ-વિશીર્ણ થઇ જાય છે.

સત્યવક્તાને દેવતાઓ પણ પૂજે છે, સત્યવક્તાના સત્ત્વની પ્રશંસા સુધર્મ-સભામાં ઇંદ્રવડે પણ કરાય છે એમ અનેક આખ્યાયિકાઓમાં સંભળાય છે.

માર્ગે જતાં મુસાફરને ભાતું જરૂરનું છે તેમ મુક્તિમાર્ગે પ્રયાણ કરનાર પથિકને સત્યરૂપ ભાતું આવશ્યક છે, એ હોય તો જ નિર્વિઘ્ને મુસાફરી થઇ શકે છે.

સત્યના માહાત્મ્યથી અગ્નિ બુઝાઈ જાય છે અને જળનું સંકટ શમી જાય છે; અગ્નિપ્રલય કે જળપ્રલયના ઉપદ્રવો ઉપશમી જાય છે.

વ્યાઘ્ર જેવા હિંસક અને સર્પ જેવા ક્રોધી પ્રાણી પણ સત્યના મહિમાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થંભી જાય છે, પોતપોતાની હિંસાવૃત્તિનાં પ્રવર્તતા નથી. ચંડકૌશિક જેવા દૃષ્ટિવિષ સર્પ પણ સત્યમૂર્ત્તિ વીરપ્રભુના સાન્નિધ્યમાં પ્રશાંત થઇ ગયો હતો. વીતરાગદેવના સમવસરણમાં વ્યાઘ્ર-સિંહાદિ હિંસક પ્રાણીઓ પણ શાંતવૃત્તિ ધારણ કરે છે, એ બધો સત્યનો પ્રભાવ છે.

સત્ય વચન સૌજન્યનું-સુજનતાનું જીવન છે, તેના પ્રાણરૂપ છે. સત્ય વિનાની સુજનતા નિર્જીવ છે, મૃતપ્રાય છે, આત્મા વિનાના દેહ જેવી છે, નામમાત્ર છે. સૌજન્યનું પ્રથમ લક્ષણ સત્યવાદિતા છે.

Truth is the fundamental virtue of a gentleman.

સત્ય અનેક પ્રકારની સમૃદ્ધિને જન્મ આપે છે. આ લોકમાં અને પરલોકમાં વિવિધ દ્રવ્ય-ભાવ સંપત્તિ તેના ફળરૂપે સંપ્રાપ્ત થાય છે.

સત્યવાદીની નિર્મળ કીર્ત્તિ દિગંતમાં વિસ્તરે છે. રાજા હરિશ્ચંદ્ર અને યુધિષ્ઠિરની કીર્ત્તિ અદ્યાપિ લોકવ્યાપ્ત છે.

સત્યથી અનેક પ્રકારની કલ્યાણપરંપરા સાંપડે છે. ટૂંકામાં તે મહિમાનું મંદિર છે. વિશેષ શું ? અનેક પ્રકારની પ્રાતિહાર્ય લક્ષ્મી જે અર્હંતને સાંપડે છે તે પણ સત્યનો જ પ્રભાવ છે. તે માટે અન્યત્ર કહ્યું છે કે:—

" चञ्चन्मस्तकमौलिरत्नविकटज्योतिश्छटाडम्बरै-
दॆवाः पल्लवयन्ति यच्चरणयोः पीठे लुठंतोऽप्यमी ।
कुर्वन्ति ग्रहलोकपालखचरा यत्प्रातिहार्यं नृणां,
शाम्यन्ति ज्वलनादयश्च नियतं तत्सत्यवाचः फलम् ॥

—શ્રી જ્ઞાનાર્ણવ

## દુઃખદા કે અસત્ય

( શિખરિણી )

યશ જ્યાંથી ભસ્મ જયમ વન વનાગ્નિથી બનતું.
દુઃખોનો હેતુ જે જયમ મહીરુહોનું જળ થતું;
ન જ્યાં તાપે છાયા જયમ યમતપાદિ શુભ કથા,
અસત્ વાણી એવી સુમતિ ન વદે કો રીત તથા. ૨

જેમ દાવાનળથી વન ભસ્મીભૂત થાય છે તેમ જેના વડે કરીને યશ ભસ્મ થઇ જાય છે; જેમ જળ વૃક્ષોના હેતુરૂપ છે તેમ જે દુઃખોનો હેતુ છે; જેમ તડકામાં છાંયો હોય નહિ તેમ જ્યાં યમ-તપાદિની સંકથા હોય નહિ; એવું અસત્ વચન સુબુદ્ધિવંત કદી બોલે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ દાવાનળથી જંગલના જંગલ બળીને ભસ્મ થઇ જાય છે તેમ અસત્યથી યશ ભસ્મીભૂત થાય છે, કારણ કે અસત્યવાદીની પ્રતિષ્ઠા-છાપ સમાજમાં એવી ખરાબ પડે છે કે તેનો વિશ્વાસ સુધાં કોઇ કરતું નથી, તો પછી એનો યશ તો ક્યાંથી વિસ્તાર પામે ? હા, દુર્યશ Notoriety તો અવશ્ય વિસ્તરે.

જેમ જળ વૃક્ષના ઊગવામાં અને પરિપોષણમાં કારણરૂપ થાય છે તેમ દુઃખ-રૂપ વૃક્ષોના ઉદ્દગમમાં અને વર્ધનમાં અસત્ય નિમિત્તભૂત થાય છે.

તડકામાં જેમ છાયાનું નામનિશાન હોય નહિં તેમ અસત્ય હોય ત્યાં તપ-સંયમ આદિની વાર્ત્તા પણ ઘટે નહિં, કારણ કે જેમ તડકો અને છાંયો વિભિન્ન સ્વભાવી હોઇને બન્નેનો એકત્ર સંભવ હોય નહિં, તેમ અસત્ય અને તપ-સંયમાદિને બનતું નથી. તપ-સંયમાદિનો પાયો સત્ય ઉપર રચાયો છે, તે મૂળ પાયો જ ન હોય તો તપ-સંયમાદિની ઇમારત નિરાલંબ કેમ ઊભી રહે ?

બીજાના અનુરોધથી બોલાયેલું એક અસત્ય વચન પણ વસુરાજાને કેટલું દુઃખદાયી થયું તે શાસ્ત્રપ્રસિદ્ધ છે.

" परोपरोधादतिनिन्दितं वचो, ब्रुवन्नरो गच्छति नारकीं पुरीम् ।
अनिंद्यवृत्तोऽपि गुणी नरेश्वरो, वसुर्यथाऽगादिति लोकविश्रुतिः ॥

—શ્રી જ્ઞાનાર્ણવ

એવું અસત્ય વચન સુબુદ્ધિવંત કદી બોલે નહિ.

## પુણ્યવંત અસત્ય ત્યજે

( વંશસ્થ )

**અસત્ય અપ્રત્યય મૂળ હેતુ છે, કુવાસનાધામ સમૃદ્ધિકેતુ છે;**
**પ્રવંચનારું દુઃખનું નિદાન જે, સદોષ એવું સુકૃતી જનો ત્યજે. ૩**

જે અસત્ય અવિશ્વાસનું મૂળ કારણ છે, કુવાસનાઓનું મંદિર છે, સમૃદ્ધિનો નાશ કરનાર છે, પરનું વંચન કરનાર છે અને વિપત્તિનું નિમિત્ત છે—એવું દોષયુક્ત અસત્ય વચન પુણ્યવંત જનો છોડી દે છે.

અસત્ય અપ્રતીતિનું—અવિશ્વાસનું મૂળ કારણ છે. અસત્યવાદી કદી સાચું બોલે તો પણ દુઃપ્રતિષ્ઠાને લઇ કોઇ તેનો વિશ્વાસ કરતું નથી. વળી એક જૂઠાણું છુપાવવા માટે બીજાં અનેક જૂઠાણાંનો આશ્રય કરવો પડતો હોઇ, અસત્યવાદી દુષ્ટ ચક્રાવા ( Vicious circle )માં પડી જાય છે અને આમ એની પ્રતિષ્ઠા વધારે ને વધારે ખરાબ થતી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસત્ય કુવાસનાઓનું ધામ છે. હિંસા, અસત્ય, ચોરી આદિ એક કુટુંબના સભ્યો છે, એક જ ઓલાદના ફરજંદો છે. એટલે એમાંના એક દુર્ગુણનું અસ્તિત્વ જ્યાં હોય ત્યાં ઇતર દુર્ગુણ પણ પોતાના કુટુંબી–સ્વજનની મુલાકાત લે અને તેને સહાયકારી બને એમાં કાંઇ આશ્ચર્ય નથી. આમ અનેક પ્રકારની દુષ્પરિણતિ અસત્યથી ઉદ્ભવે છે.

અસત્ય સમૃદ્ધિના શત્રુરૂપ છે. અસત્ય પરને વંચનારું–છેતરનારું છે, અને પરવંચના તે પ્રથમ તો આત્મવંચના જ છે. પોતે પોતાના આત્માને છેતરવારૂપ છે; તેમજ અસત્ય વચન આપત્તિનું કારણ છે.

અસત્યને આવું દોષયુક્ત–અપરાધી–ગુન્હેગાર જાણી પુણ્યવંત જનો તેનો ત્યાગ કરે છે.

## સત્યના ચમત્કાર.

(શાર્દૂલવિક્રીડિત)

**જે ભાખે સત તેહને અનલ તો પાણી, પયોધિ સ્થલ,**
**દેવો દાસ, રિપુ સખા, વન પુરી ને શસ્ત્ર તો ઉત્પલ;**
**વ્યાલ શ્યાલ, મૃગેંદ્ર તો મૃગ, ફણી માળા, ગિરિ ગેહ શું,**
**ને પાતાલ બખોલ ને વિષ સુધા ને વિષમું તો સમું. ૪**

જે સત્ય વદે છે તેને અગ્નિ પાણી થઇ જાય છે, સમુદ્ર સ્થળ થાય છે, દેવો કિંકર બને છે, શત્રુ મિત્ર બની જાય છે, વન નગર થાય છે, શસ્ત્ર કમળ બને છે, દુર્દાંત હસ્તી શિયાળ જેવા થાય છે, કેસરીસિંહ મૃગરૂપ બને છે, સર્પ માળા થઇ જાય છે, પર્વત ઘરરૂપ થાય છે, પાતાલ નાના દર જેવું બને છે, ઝેર અમૃતરૂપે પરિણમે છે અને વિષમ સમ થાય છે.

સત્યના પ્રભાવથી શું શું સાંપડે છે તે અત્ર સ્પષ્ટ નિર્દિષ્ટ કર્યું છે.

અત્રે જે સત્યનો મહિમા ગાયો તે સત્યની વ્યાખ્યા પણ વિચારવા યોગ્ય છે, કારણ કે તેમાં કેટલીક મર્યાદા છે. સત્ય અહિંસાપૂર્વક હોવું જોઇએ. અહિંસાના વિષયમાં આપણે પ્રતિપાદન કર્યું હતું કે સત્ય–શીલ આદિ અહિંસાની રક્ષા અર્થે છે.

“ સત્ય શીલ ને સઘળાં દાન, દયા હોઇને રહ્યા પ્રમાણ. ”
—શ્રી મોક્ષમાળા

“ अहिंसाव्रतरक्षार्थं, यमजातं जिनैर्मतम् ।
नारोहति परां कोटिं, तदेवासत्यदूषितम् ॥ –શ્રી જ્ઞાનાર્ણવ

માટે અહિંસાનું પ્રધાનપણું સર્વત્ર લક્ષમાં રાખવા યોગ્ય છે. સત્યની સામાન્ય વ્યાખ્યા આ પ્રમાણે છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" यदिदं प्रमादयोगादसदभिधानं विधीयते किमपि ।
तदनृतमपि विज्ञेयं तद्भेदाः संति चत्वारः ॥ "

—શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત પુરુષાર્થસિદ્ધિઉપાય.

" પ્રમાદયોગથી જે કંઇ પણ અસત્ વદવું તે અસત્ય જાણવું. તેના ચાર ભેદ છે. " તે આ પ્રમાણે:—

૧. સ્વક્ષેત્ર--કાળ–ભાવથી સત્ હોય છતાં અસત્ કહેવું. જેમકે–દેવદત્ત હોય છતાં કહેવું કે " દેવદત્ત અહીં નથી. "

૨. અસત્ છતાં પરક્ષેત્ર–કાળ–ભાવથી સત્ કહેવું. જેમકે–ઘડો ન હોય છતાં કહેવું કે " ઘડો આ રહ્યો. "

૩. વસ્તુને સ્વરૂપને બદલે પરરૂપથી કહેવી. જેમકે–અશ્વને વૃષભ કહેવો.

૪. ગર્હિત–નિંદ્ય, સાવદ્ય કે અપ્રિય વચન બોલવું તે પણ અસત્ય છે.

( अ ) ગર્હિત–પૈશૂન્ય–હાસ્યયુક્ત, કર્કશ, અસમંજસ ( અયથાર્થ ), પ્રલાપતુલ્ય, ઉત્સૂત્રભાષણ.

( ब ) અરતિ ઉપજાવે એવું, ભીતિકર, ખેદ પમાડે એવું, વૈર બંધાવે એવું, શોક કરાવે એવું, કલહ સળગાવે એવું, ટૂંકામાં અન્યને તાપ ઉપજાવે એવું વચન તે અપ્રિય.

( क ) છેદન, ભેદન, મારણ, વાણિજ્ય, ચૌર્ય વગેરે, જે વડે પ્રાણી વધ આદિ પાપપ્રવૃત્તિમાં પ્રવર્ત્તે તે સાવદ્ય–પાપયુક્ત વચન.

અસત્યના આ સર્વ પ્રકારમાં હિંસા તો નિયતપણે આવી જ જાય છે. કારણ કે પ્રમાદયોગ એક હેતુ છે. એથી ઊલટું જ્યારે પ્રમત્તયોગ હેતુ ન હોય, જ્યારે કષાયાદિ પરિણામ ન હોય ત્યારે હેતુવિશેષ ઉચ્ચરાયેલ અપ્રિયાદિ વચન અસત્ય નથી. જેમકે શિષ્યબોધાર્થે ગુરુનું અપ્રિય–કટુ વચન; અથવા શિકારીને જીવરક્ષાર્થે ખોટો માર્ગ બતાવવો તે.

" हेतौ प्रमत्तयोगे निर्दिष्टे सकलवितथवचनानां ।
हेयानुष्ठानादेरनुवदनं भवति नासत्यम् ॥ "

ટૂંકામાં—' सत्यं प्रियं हितकरं च ब्रूयात् ' સત્ય, પ્રિય અને હિતકર બોલવું.

આ ચાર શ્લોકનો સારસમુચ્ચય:—

( વંશસ્થ )

**વિશ્વાસ આવાસ પવિત્ર સત્ય છે. દુઃખાવલીદાયક તો અસત્ય છે:**
**અસત્ય તેથી જન સન્મતિ ત્યજે, મહાત્મ્યના મંદિર સત્યને ભજે. ૧**

॥ इति सत्यद्वारम् ॥

ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आत्मपरिक्रमा

## ( આત્મવિચારણા )

તા. ૧૫-૫-૧૯૩૫ ના સાંજના પત્રમાં એક સુંદર સ્ફુલ્લિંગ ( Sparklet ) વાંચવામાં આવ્યો. એ અત્યંત વિચારણીય હોઇ નોંધી લીધો. એ સ્ફુલ્લિંગ નીચે પ્રમાણે છે.

When you are criticizing others and are finding here and there
A fault or two to speak of, or a weakness you can tear,
When you're blaming someone's weakness or accusing one of pelf,
It's time that you went out to take a walk around yourself.

There's lot of human failures in the average of us all,
And lots of grave shortcomings in the short ones and the tall;
But when we think of evils men should lay upon the shelves,
It's time we all went out to take a walk around ourselves.

We need so often in this life this balancing of scales,
This seeing how much in us wins and how much in us fails;
Before you judge another-just to lay him on the shelf—
It would be a splendid plan to take a walk around yourself.

આ નાનો પણ ખૂબ વિચારમાં નાખી દે તેવો તણખો નીચે પ્રમાણેના ભાવાર્થનો છે.

" જ્યારે તમે બીજાની ટીકા કરતા હો અથવા તમે અહીંથી તહીંથી એક બે ભૂલોને શોધી શકયા હો અથવા તો તમે જેને ફાડીતોડી નાખો તેવી એકાદ નબળાઈને વચનદ્વારા વેગ આપતા હો, જ્યારે તમે અન્યને નબળાઈ માટે ઠપકો આપતા હો અથવા ધનને દેવ માનવા માટે કોઇ ઉપર આરોપ મૂકતા હો ત્યારે **તમારે તમારી જાતની આસપાસ એક ફેરો મારવા લાયક વખત આવી લાગ્યો છે.** " ( એમ સમજવું. )

" આપણામાંના સર્વ સામાન્ય પ્રતિના પ્રાણીઓમાં અનેક ઊણપો ઓછી વધતી રહેલી છે અને આપણે નાના હોઈએ કે મોટા હોઇએ પણ આપણા દરેકમાં અનેક આકરી ઓછપો જરૂર છે; પણ માણસો જે અનેક ખરાબ બાબતોને ખોરંભે નાખી દે છે તેનો વિચાર કરીએ છીએ ત્યારે **આપણી પોતાની આસપાસ એક ચક્કર મારી આવવા આપણે બહાર જવું જોઇએ એવો વખત આવી પહોંચ્યો છે.** " ( એમ લાગે છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"બીજાને માટે તમે ફેસલો આપવા લાગી જાઓ અથવા તેને અભરાઇએ ચઢાવી દો તે પહેલાં આ જીવનમાં આપણને જીવન તોલનના તાજવાની જરૂરીઆત સાંપડે છે અને આપણું ખમીર કયાં ટકી રહે છે અને કયાં હાથ હેઠા કરી બેસી જાય છે તેની તુલના કરવાની જરૂર પડે છે. તેવે પ્રસંગે **તમારી જાતની આસપાસ એક પ્રદક્ષિણા** મારવાની રીત બહુ મજાની નીવડે છે."

આ ત્રણ વાકયોમાં બહુ સુંદર વાત કરી નાખી છે, ઘણા સંક્ષેપમાં જીવનરસની લ્હાણ આપી દીધી છે, મુદ્દામ રીતે અંદર જોતાં–ઊંડા ઉતરતાં શીખવાની આદર્શ રીતિનો પરિચય કરાવ્યો છે.

વાત એમ છે કે આપણે ઘણાખરા સામાન્ય કક્ષાના હોઇ આપણું સામાન્ય જીવન ઘણું મધ્યમસરનું અને પ્રચલિત પ્રણાલિકા પર ચલાવનાર હોઇએ છીએ. આપણે ઘણુંખરું આપણો પોતાનો વિચાર જ ઓછો કરીએ છીએ, પણ અન્યની વાત આવે ત્યારે અન્યની ટીકા કરવામાં, એની તુલના કરવામાં અને તેવે પ્રસંગે દીર્ઘદૃષ્ટિ, વિશાળતા અને ચારિત્રશીલતા બતાવવા તૈયાર થઇ જઇએ છીએ.

જરા અવલોકન કરવાથી જણાશે કે અન્ય માણસની નાની નાની નબળાઇઓ આપણને ખૂબ સાલે છે. એક માણસ આપણી સાથે વાત કરવામાં જરા જીભે થોથવાય કે આપણે જેને 'સભ્યતા' માનતા હોઇએ તેના ધોરણ પ્રમાણે વાત ન કરી શકે ત્યાં આપણને જીવ પર વાત આવી પડે છે. સામો માણસ જરા ભળતી વાત કરે ત્યાં આપણો મિજાસ ખસી જાય છે અને પછી આપણે સભ્યતા ઉપર કે સત્યવાદીપણા ઉપર ભાષણ આપવા લાગી જઇએ છીએ. કોઇ માણસ જરા વિવેક કરે તો આપણે તેને ખુશામતની કોટીમાં મૂકી તે ઉપર વિચાર બતાવવા લાગી જઇએ છીએ અને ખુશામત કેટલી ખરાબ છે અને એથી કેટલું નુકસાન થાય છે તે પર વિવેચન કરવા મંડી પડીએ છીએ અને કોઇએ કામ કરવામાં જરા ગફલતી કે ભૂલ કરી હોય તો આપણું નસકોરું ચઢી આવે છે કે ભવાં ચઢી જાય છે.

નાના બાળકને ચાળા કરતાં જોઇ આપણે તેને બોધપાઠ આપવા મંડી જઇએ છીએ અને મોટા મહાત્મા પુરુષો કે સંતોની નાની બાબતોની ખાસીયતો શોધી કાઢી તે પર ચર્ચા કરવા લાગી જઇએ છીએ.

આપણા સરખી વયના મિત્રો કે સંબંધીને મુંજી, અનિયમિત, ભોળા, દીર્ઘદૃષ્ટિ વગરના, શરમાળ, લોભી, અભિમાની, ચુગલીખોર, દંભી વિગેરે અનેક ઉપનામો કે વિશેષણો વગરસંકોચે આપ્યે જઇએ છીએ અને આપણને જાણે આખી દુનિયા ઉપર ફેસલાઓ આપવાનો અધિકાર પ્રાપ્ત થયો હોય તેવી રીતે વર્તીએ છીએ.

સામાની નાની મોટી બાબતો પર અપ્રીતિ, તિરસ્કાર કે ટીકા કરવાની આપણને એટલી બધી ટેવ પડી ગયેલી હોય છે કે આપણે સમાજમાં ગમે તેવા સ્થાન પર હોઇએ તો પણ આપણે આ ટેવ પર વિજય મેળવવાનો વિચાર પણ કરતા નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કરવાની જરૂર છે એવો ખ્યાલ પણ કરતા નથી અને અન્યની બાબત... સમજ્યા વગર સમજને, તપાસ કરીને કે તપાસ કર્યા વગર હાંકે જ રાખીએ છીએ. અને ... લગભગ આપણો સ્વભાવ જ બની ગયેલ છે એમ આત્મનિરીક્ષણ કરવાથી ... લાગશે, પણ એમાં કાંઇ ખોટું કરતાં હોઇએ એવો તો વિચાર પણ નહિ આવે.

દુનિયામાં અક્કલ કોની પાસે કેટલી છે તેને માપવાનું કોઇ યંત્ર ન હોવાથી દરેક માણસ લગભગ પોતાને અભિપ્રાય આપવાની બાબતમાં સ્વતંત્ર સમજે છે અને પોતાના મત સાથે અન્ય મળતા થશે કે નહિ તેની દરકાર ન કરતાં પોતે ન સમજે તેવી બાબતમાં પણ મત આપવાની હિમત કે ધૃષ્ટતા જરૂર કરે છે. એ સર્વ બાબતો કે અભિપ્રાયો અન્ય પરત્વેના જ હોય છે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. કેટલીક વાર એવું બને છે કે જે વ્યક્તિની ટીકા કરવામાં આવતી હોય તેની સમક્ષ તેને માટે અભિપ્રાય આપવાની શકયતા કે અનુકૂળતા ન હોય તો માણસ તેની ગેરહાજરીમાં તેને માટે અભિપ્રાય આપે છે. જેની વાત પોતે કરતા હોય તે પોતાથી અનેકગણા અનુભવી, અભ્યાસી કે વિચારક હોય તો પણ તેની નાની નાની બાબત લઇ તે પર પણ ટીકા કરવા લાગી જાય છે અને તેમ કરવામાં પોતે ડહાપણનો ઇજારો લઇ રાખેલ છે એમ માની ગમે તેમ બોલી જીભની ખજવાળ પૂરી કરે છે.

અન્ય સંબંધી ટાઢી હુળવી વાત કરવામાં, તેને સાધારણ પંક્તિમાં મૂકી દેવામાં અને તેની નાની બાબતને મોટું રૂપ આપવામાં પોતાના વય, અનુભવ, આવડત કે સાધનોનો કાંઇ વિચાર કરવામાં આવતો નથી. અસાધારણ વ્યાખ્યાન કરનાર સંતપુરુષના હાથ કે પગ કેમ ચાલતા હતા તેની ટીકાથી માંડી એનાં કપડાંને પણ છોડશે નહિ અને એના અતિ ઊંડા વક્તવ્યના વિષયનો એક અંશ પણ નહિ સમજ્યો હોય છતાં એના ઉપર અભિપ્રાય આપવા એ મંડી જશે. કળાનું વિજ્ઞાન એક અંશ પાત્ર પણ પોતામાં નહિ હોય છતાં મોટાં ચિત્રકારોનાં ચિત્ર પર એ ટીકા કરવા લાગશે અને યુરોપની ગેલેરીના ચિત્રોની કિંમત લાખો રૂપિયા થાય છે એમ જાણશે ત્યારે કાં તો તે વાતને વાહિયાત કહેશે અથવા મૂલ્ય આપનારને મૂર્ખની કોટિમાં મૂકશે.

દરરોજના અનુભવનો વિષય છે કે જ્યારે કોઇ અન્યની વાત કરવા બેસે છે અથવા આપણે તેમ કરવા લાગી જઇએ છીએ ત્યારે અભિપ્રાય આપવાની આપણી યોગ્યતા, અધિકાર, અભ્યાસ કે આવડતનો વિચાર કરતા નથી. પછી આપણે મહા... ત્માજીના એક છૂટાછવાયા કામ પર કટાક્ષ પણ કરવા મંડી જઇએ અને પં... માલવીયાજીને નરમ શબ્દમાં સંબોધીએ. એ તો જાણે મોટા પુરુષોની વાત થઇ પણ આપણા સંબંધી કે મિત્રોની વાત કરીએ તો પણ આપણું સર્વજ્ઞત્વ, સર્વગુણ... પણું આપણા મગજ પર તરવરતું જ રહે છે. આપણે નિંદા કરવામાં પા... ની ન કરીએ અને અભિપ્રાય આપવામાં વિચાર સરખો પણ ન કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ મજાની વાત તો એ છે કે એ સર્વ પ્રસંગોમાં આપણે કયાં ઊભા છીએ અને આપણામાં શા ગુણો-અવગુણો છે તેનો વિચાર સરખો પણ ન કરીએ. ઘણી વાર તો એવું બને છે કે અન્યના જૂઠાપણા માટે આપણે ટીકા કરતા હોઇએ ત્યારે આખા દિવસમાં આપણે કેટલી વાર જૂઠું, કેટલી વાર ભળતું અને કેટલી વાર ગોટાવાળું બોલતા હોઈએ છીએ તેનો કદી કયાસ પણ કરેલો હોતો નથી.

આપણને પદ્ધતિસરની એક પંક્તિ પણ લખતા ન આવડતી હોય, છતાં જગતના સ્વીકારાયલા મહાન લેખકોની આપણે ભૂલ કાઢવા મંડી જઇએ છીએ અને કોઇ જાતનો વિચાર કર્યા સિવાય અતિ સુંદર કાર્ય કરનારને સમજ્યા વગર તેનો અમુક આશય હશે એમ ધારી-માની લઇએ છીએ અને તેટલેથી ન અટકતાં અન્યની પાસે તેવી વાતો ખૂબ રસ લઇને કરવા લાગી જઇએ છીએ. ટૂંકામાં કહીએ તો આ પ્રાણીને પારકી વાતો કરવાનો એક ચરસ લાગી ગયેલો હોય છે કે ગમે તેવા પ્રસંગે દિવસમાં અનેક વાર અને વર્ષમાં સેંકડો-હજારો વખત એ પારકાની બાબતમાં મત આપ્યા જ કરે છે, સાચી ખોટી વાતો કર્યા જ કરે છે અને નકામાં ગપ્પાં મારી મનઘડંત કલ્પનાઓને માર્ગ આપ્યા જ કરે છે.

કેટલીક વાર સ્વેચ્છાએ, કેટલીક વાર વગરવિચાર્યે અને ઘણીખરી વાર હેતુ કે પરિણામના ખ્યાલ વગર અન્યની નિર્બળતાઓ, નબળાઇઓ, તુચ્છતાઓ અને ઓછપોને એ નવાનવા રૂપે ચીતર્યા જ કરે છે અને તેમ કરવામાં પોતાનું ડહાપણ માને છે અને એ બાબતનો તેનો સ્વાધીન હક્ક કોઇ જતો કરે કે તે પર તકરાર ઉઠાવે તો ઊલટો ગુસ્સે થાય છે અને પોતાના ઘમંડમાં-મનોરાજ્યમાં મ્હાલ્યા કરે છે.

એને કદી ખ્યાલ થતો નથી કે ભાઇ ! તું કોણ ? કઇ ભાજીનો મૂળો ! પારકા પર અભિપ્રાય આપવાનું સર્વજ્ઞત્વ તને કઇ તપશ્ચર્યાને પરિણામે પ્રાપ્ત થયું ? તારા કયા ત્યાગ-વૈરાગ્યના પરિણામે તને વિશિષ્ટ જ્ઞાન થયું કે તું સાંભળેલી ન સાંભળેલી, બનેલી નહિ બનેલી અને ભળતીસળતી વાતની કચુંબર કરી ડહાપણ બતાવે છે? પરંતુ બહાર જોવાને બદલે અંદર જો, સામે જોવાને બદલે નીચે જો, આગળ જોવાને બદલે અંતરમાં જો, અને પછી તપાસ કે તું કયાં ઊભો છે ? તું જ્યારે આ આત્મનિરીક્ષણ કરીશ અને તારી પોતાની આસપાસ ચક્રભ્રમણ કરીશ, તારાં પોતાનાં વચન, વિચાર અને વર્તનને તપાસી જઇશ ત્યારે તને લાગશે કે તારા બોલવા કરતાં તારે વિચારવાનું ઘણું છે, અન્યની ટીકા કરવા કરતાં તારા આત્માને સંભાળવાનો છે, બાહ્યાચારી (Objective) થવાને બદલે અંતરચારી (Subjective) થવાનું છે.

જ્યારે અન્યના નાના નાના દુર્ગુણ પર વાત કરવાની, ટીકા કરવાની કે નિંદા કરવાની મરજી થઇ આવે કે જીભડીને ચળ આવે ત્યારે એના ઉપર બ્રેક ( કમાન ) લગાવવાની જરૂર છે અને પોતે કયાં ઊભો છે, પોતામાં એ જ બાબતને અંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલી નબળાઇ છે એના બારીકીથી અભ્યાસ કરવાની જરૂર છે. જ્યારે આ આત્મ-પરિક્મ્મા કરવાની ટેવ પડશે, જ્યારે પોતાની જાતની આસપાસ ફેરા ખાતાં આવડશે, જ્યારે હૃદય-પરીક્ષા કરવા સ્વપ્રદક્ષિણા કરવામાં આનંદ આવશે ત્યારે આખી વાત નવીન આકારે સમજાશે, અંતરના ઓજસ્ પ્રસરશે અને પછી જણાશે કે આપણી પાસે અન્યની તુલના કરવાનાં ત્રાજવાં છે જ નહિ; અને હોય તો પણ તેનો વિનાપ્રસંગે કે અકારણે ઉપયોગ કરવાની જરૂર છે જ નહિ. બધી વાત કરતાં અને ખૂબ વિચાર કરતાં પોતાને જ લાગશે કે આપણામાં કોઇ જાતની વિશેષતા નથી કે વિશિષ્ટતા નથી કે જેને લઇને આપણે અન્યની વાત કરવાની યોગ્યતા પણ ધરાવી શકીએ. એનાં અનેક કારણો છે.

નજરે દીઠેલ વાત પણ ખોટી પડે છે, દેખવાફેર થાય છે, બાજુફેર થાય છે અથવા પ્રકાશ છાયાના ફેરથી હકીકત ફરી જાય છે. તે આપણા દરરોજના અનુભવનો વિષય છે. બીજી હકીકત એ છે કે આપણે બાહ્ય વસ્તુ કદાચ સારી રીતે જોઇ પણ શકીએ. પણ અંદરના આશય, હેતુ કે બીજા અનેક વિચારો, તરંગો અને પ્રેરક તત્ત્વો કદી જાણી શકતા નથી, જાણવા માટે જે વિશિષ્ટ જ્ઞાન જોઇએ તે આપણામાં નથી અને માત્ર અનુમાન ઉપર આધાર રાખીએ ત્યાં તો આપણી અક્કલ, આવડત, અનુભવ આદિ અનેક મુદ્દાએ આપણો નિર્ણય મર્યાદિત અથવા બાધિત થઇ જવાનો ઘણો સંભવ રહે છે.

સર્વથી મહત્ત્વની વાત તો એ છે કે તારો અન્યની બાબતમાં મત આપવાને અધિકાર શો ? તેં કાંઇ આખી દુનિયાને માટે મત આપવાનો ઇજારો લીધો છે ? તું તારી પોતાની સંભાળ લે, તારી જાતને ઉન્નત કર અને રસ્તે ચઢાવ, રસ્તે મળ્યા પછી એવે સન્માર્ગે આગળ ધપાવ તો એ દિશાએ તારે ઘણું કરવાનું છે. તને એ કરતાં સમય મળે તેમ નથી, ત્યારે નકામી બીજાની વાત કરી વગરસમજે કયાં હાંકયે રાખે છે ?

તું વિચારજે કે દુનિયામાં અનેક પ્રકૃતિના માણસો છે. કોઇમાં કોઇ વિકૃતિ હશે, નબળાઇ હશે, તુચ્છતા હશે, અનિષ્ટતા હશે તો કોઇમાં બીજા પ્રકારની હશે; પણ તારામાં કઇ કઇ છે તે શોધ અને શોધીને તેને માટે યોગ્ય નિર્ણય કર. બાકી ચોક્કસ માનજે કે દુનિયામાં કોઈના નળીઆં ચૂતાં હશે તો કોઈનાં નેવાં ચૂતાં હશે, પણ તારે તેની પંચાત શી ? તારાં નળીઆં કયાં ચૂએ છે અને તું કયાં બેઠો છે તે વિચાર તો બસ છે. તું કદી એમ ન ધારતો કે તારું છાપરું તદ્દન સલામત જ છે. તારા ઘરમાં તો ચારે બાજુએ ગપતર પડી રહેલાં છે અને પાણીની બાલદીઓ ભરી ભરીને કાઢ તો પણ ઘર સાફ થઇ શકે તેમ નથી. તો તું પારકા નળીઆં તપાસવા કયાં જાય છે ? તારે તો ખૂબ વિચારવાનું છે. આ આંખો ઉઘાડીને સામે જોવાને બદલે અંતર્ચક્ષુ ઉઘાડીને અંદર નજર કર. અને તને તેમાં એટલા ગોટાળા, ખાડા અને ઘુંચાળા માલૂમ પડશે કે તું અસાધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિશક્તિ અને આંતરશૌર્યવાળો નહિ હો તો તું તેમાં ગોથાં ખાઇ જઇશ, ગુંચવાઇ જઇશ અને ગોટાળે ચઢી જઇશ.

તું આમ દોડ્યો દોડ્યો ક્યાં ચાલ્યો જઇશ ? અને કેટલે ચાલ્યો જઇશ ? અને શા માટે દોડ્યા કરે છે ? જેને માટે તું મત આપી રહ્યો છે, જેની ટીકા કરી રહ્યો છે, જેની નાની મોટી વાતને તું અગત્ય આપી રહ્યો છે તે સર્વે પંખીના મેળા છે, આ તો એક રાતનો વિસામો છે, એમાં કેટલાક મળી ગયા, એ પણ સર્વ પંખીની અપેક્ષાએ અતિ અલ્પ છે અને સવાર થતાં તો સર્વ ઊડી જવાના છે અને તું પણ અહીં બેસી રહેવાનો નથી; માટે નિરર્થક માથાફોડ અને લમણાઝીક કરવાને બદલે તારી જાતને તપાસ, તારી જાતને સંભાળ અને તારી જાતને વિકસાવ.

વળી એ રીતે પરલક્ષી થવાને બદલે અંતરલક્ષી થઇશ ત્યારે આગળ જણાવ્યું છે તેમ પ્રથમ તો તને ઘણી ગુંચવણો દેખાશે, પણ પછી અંતરના અંજવાળાં પડશે અને ત્યારે તેં નહિ અનુભવેલું દેખાશે, નહિ જાણેલું જણાશે, નહિ સુણેલું સંભળાશે. એ અનાહત નાદના ગૌરવ ઓર છે, એના આંતર તેજ અનેરાં છે, એની અદ્‌ભુત સુગંધ અનનુભૂતપૂર્વ છે. બે ઘડીના મેળામાં તું શું રાચી રહ્યો છે ? તારું એ કામ નથી, તારું એ સ્થાન નથી, તારું એ માન નથી. તું કઇ ભૂમિકાનો પ્રાણી ક્યાં અથડાઇ પડ્યો છે અને કેવામાં ભરાઇ પડ્યો છે ? તારા ગૌરવને એ વાત શોભે નહિ, તારા સાચા ઉદ્દેશને એ અનુરૂપ ન હોય, તારા તેજને એ વિકસાવનાર ન હોય.

માટે તારી જાતની ફરતી પ્રદક્ષિણા લે, તારા અંતરમાં ઉતર, આત્મનિરીક્ષણ કર અને ત્યાં સુવર્ણ સિંહાસને બેઠેલા તારા નટરાજને જો અને એની ફરતો કચરો લાગ્યો છે, એને લીલ લાગી ગઇ છે, એના ઉપર ધૂળ ચઢી ગઇ છે એને દૂર કર. તું તારામાં જ છે, તું તારામય છે, તું એક અને અદ્વિતીય છે અને તારો વિકાસ તારા હાથમાં છે, તારે કુલ સ્વાધીન છે, તારા અંતરમાં છે. તારા પોતાની આસપાસ એકાગ્રપણે એક વાર પ્રદક્ષિણા કરીશ તો તારી પરાવલંબી કે પરકીય ભૂમિકા ફરી જશે અને એ ગઇ એટલે કાર્ય સફળ થઇ ગયું સમજજે. એ વાતમાં બે મત પડે તેમ નથી, માટે આત્મલક્ષી થઇ આત્મપ્રદક્ષિણા કર અને સ્વનો જ વિચાર કરી એને વિકસાવ.

સામાન્ય રીતે આપણી એવી ટેવ જ પડી ગયેલી છે કે આપણે બીજાની બાબતોનો જ વિચાર કરીએ છીએ. જિંદગીમાં ફત્તેહ મેળવવી હોય તો તેની ચાવી એક જ છે. આપણે કોણ છીએ ? આપણે અહીં શા માટે છીએ ? અને આપણે શું કરી શકીએ તેમ છીએ ? તેનો વિચાર કરવો, ખૂબ વિચાર કરવો, વારંવાર વિચાર કરવો, જુદાં જુદાં દૃષ્ટિબિન્દુઓથી વિચાર કરવો.

અહીં એક બાબત વિચારવા જેવી છે. ઉપરના ત્રણે મુદ્દા પર તારું પોતાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મચરિત્ર લખવા માંડ. શરૂઆતમાં તને મજા પડશે, તું થોડો આગળ વધીશ એટલે તને પોતાને જ મૂંઝવણ થશે. લખતાં લખતાં "પણ પણ..." થતું જશે અને આખરે તારે લખવું પડશે કે 'હું જાણતો નથી, હું સમજતો નથી' વિગેરે. જાતે પ્રયોગ કરીશ ત્યારે તને તારા આત્મચિત્રમાં અનેક ગુંચવણો લાગશે, તું પ્રમાણિકપણે એ ચિત્ર તારી જાત માટે લખીશ તો પણ તને સમજાશે કે એ ચિત્ર લખવું મુશ્કેલ છે અને આખરે એ તારો નિષ્ફળ પ્રયત્ન તું છોડી દઇશ, કંટાળીને થાકી જઇશ અને ગુંચવણમાં ગોટાળે ચઢી જઇશ.

આટલું કબૂલ કરી શકીશ ? કબૂલ કરવા જેટલું ખમીર છે ? કદી વિચાર કર્યો છે ? પોતાનું આંતરચિત્ર દોરવામાં આટલી બધી મૂંઝવણ થાય એ તે કેવી વાત ? આ શરીર અને આત્માથી તૈયાર થયેલી નૌકા શી ચીજ છે ? એ ક્યાં ઘસડાઇ જાય છે ? એને કયા બંદરે લઇ જવી છે ? એને લઇ જવામાં કયા ધોરણો અને નિયમો છે ? એની કોઇ વાતનો તેં નિર્ણય કર્યો છે ? અને ન કર્યો હોય તો કેવી વાત ગણાય એ તું જ વિચાર. બીજાની સાથે ગમે તેમ વર્તજે, પણ પોતાની જાતની સાથે એકાંત વિચારણામાં તો આત્મવંચના કરતો નહિ. કયા બંદરે જવું છે એનો ખ્યાલ પણ ન હોય અને વહાણને ભરદરિયે હંકારી મૂકવું એના જેવી અક્કલ તે કોની હોય ? છતાં એ દશા તારી છે એ વાત જ્યારે તું ખૂબ વિચાર કરીશ ત્યારે તને સમજાશે.

થોરો ( Thoreau ) નામનો એક મહાન સાહિત્યકાર થયો છે. તે કહે છે કે "તારી પોતાની જાતને બરાબર ઓળખવી હોય તો તું તારી પોતાની ઉપર એક પત્ર–કાગળ લખ. તેમાં તારી પોતાની શકયતાઓ, તારું વર્તન અને તારા ઉદ્દેશ ( Abilities, Character and Aim ) ના સંબંધમાં તું પોતે સાચેસાચું શું માને છે તે તું જણાવ એટલે તું કયાં છે તેનો તને ખરેખરો ખ્યાલ આવશે. એ જાતની વિચારણાને પરિણામે થયેલા લેખનથી તું રાજી તો નહિ જ થા એ ચોક્કસ જણાય છે, છતાં એક વાત એમ પણ છે કે એ વિચારણાને પરિણામે તારામાં કેટલાક ગુણો પ્રચ્છન્ન હશે તેનું તને ભાન પણ થશે."

જીવનની ફત્તેહ આવા પ્રકારની વિચારણામાં છે. ગમે તે પ્રકારે જિંદગી પૂરી કરવી અને સંસારસમુદ્રમાં પોતાની નૌકા જેવો પવન આવે તેને અનુસારે ઘસડાવા દેવી એમાં કાંઇ મોજ નથી, એમાં કાંઇ આનંદ નથી, એમાં કાંઇ તેજ નથી. જીવનની મોજ માણવી હોય તો જીવનને અંદરથી તપાસવું, પોતાની ધારણા સમજવી, પોતાના ઉદ્દેશોનો નિર્ણય કરવો, પોતાના ઉદ્દેશને વિરોધ થાય તેવા પ્રસંગો આવે ત્યાં અટકી પડવું અને જેમ બને તેમ બહાર ન જોતાં અંદર જોતાં શીખવું, સામે ન જોતાં પગ નીચે જોતાં શીખવું અને ચકળ વકળ આંખે નિરીક્ષણ કરી અન્યની આસપાસ ફેરફુદડી ફરવાને બદલે પોતાના શરીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આસપાસ પ્રદક્ષિણા કરવી. એનું નામ સાચું જીવન છે, બાકી તો અનેક ફેરા ખાધા, એક ખાડામાંથી બીજામાં પડ્યા અને બહારને ધક્કે ચઢ્યા–એવા ફેરાઓ અને ધકેલાઓની ઘણી મોટી સંખ્યામાં એકનો વધારો થશે એમ જરૂર લાગશે.

આખા જીવનરહસ્યની ચાવી આત્મવિચારણામાં છે, અંદર ઊંડા ઉતરવામાં છે, સાધ્યના સુનિશ્ચયમાં છે અને તે નિશ્ચયને ગમે તેટલી અગવડે વળગી રહેવામાં છે. અત્યારે એ સર્વ મુદ્દા સમજી શકાય તેટલી તારામાં આવડત છે, સંયોગો અનુકૂળ કરી શકવાની તારામાં શક્તિ છે અને સાધ્યને માર્ગે ચાલવાની તારામાં કળા છે. નિશ્ચય કરીશ તો રસ્તો સરળ થઈ જશે, બાકી ચક્રભ્રમણની ફેરકુદડીમાં આંટા મારવા હોય તો તારી મરજીની વાત છે. ચાલુ પ્રવાહથી જરા ઊંચો આવ અને આત્મરમણતાની મજા જો. એનો આનંદ અનુપમેય છે, એની લીજત અવર્ણનીય છે, એનો રસ અન્યત્ર અપ્રાપ્ય છે.

મૌક્તિક

## શક્રસ્તવ સમયે કેવી મુદ્રા રાખવી તે સંબંધી પંચાશક ટીકામાં જે ઉલ્લેખ છે તેનો ભાવાર્થ.

**પ્રશ્ન**—ચતુર્વિંશતિસ્તવાદિકનો પાઠ જ યોગમુદ્રાવડે કરવો, પરંતુ શક્રસ્તવનો પાઠ યોગમુદ્રાવડે ન કરવો, કેમકે વામ જાનુને ઊંચો રાખી તથા દક્ષિણ જાનુને પૃથ્વીતળ પર રાખી લલાટે હસ્તકમળ રાખીને શક્રસ્તવ ભણે એમ જીવાભિગમ સૂત્ર વિગેરેમાં કહ્યું છે તે બરાબર છે ?

**ઉત્તર**—એ વાત સત્ય છે, પરંતુ કેવળ આ કહેલા વિશેષણવાળો તે રીતે શક્રસ્તવ ભણે એવો નિયમ નથી, પણ પર્યંક આસને રહેલો મસ્તકે હસ્તકમળ રાખીને શક્રસ્તવ ભણે એવો પાઠ પણ જ્ઞાતાધર્મકથામાં છે. તથા શ્રીહરિભદ્રાચાર્યે ચૈત્યવંદન વૃત્તિમાં કહ્યું છે કે—બન્ને જાનુ અને બન્ને કરતલને પૃથ્વી પર રાખી તથા નેત્ર અને મન પ્રભુની સન્મુખ રાખીને પ્રણિપાતદંડક (શક્રસ્તવ) ભણે. આવો બીજો વિધિ પણ કહેલો છે. શક્રસ્તવ બોલવામાં વિવિધ વિધિ જોવામાં આવે છે તેથી તથા તે સર્વ વિધિઓ પ્રમાણિક ગ્રંથોમાં કહેલા હોવાથી તેમજ દરેકમાં વિશેષ પ્રકારનો વિનય દર્શાવેલ હોવાથી કોઇનો નિષેધ કરી શકાય તેમ નથી, તેથી યોગમુદ્રાવડે પણ શક્રસ્તવનો પાઠ બોલવો તે વિરુદ્ધ નથી; કેમકે મુનિઓના મત જુદા જુદા હોઇ શકે છે. સર્વેએ સર્વ વિધિઓમાં વિનય દેખાડેલો હોવાથી તે પરસ્પર વિરુદ્ધ છે એમ માનવાનું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક–પુરૂષો

## અંતિમ રાજર્ષિ

( ૬ )

વર્ષાકાળનો સમય છતાં આજ કેટલા દિનોથી વૃષ્ટિ બંધ થઇ ગઇ છે અને ચેતનાજનક સૂર્યકિરણોના સેવનથી વનરાજી નવપલ્લવિતતારૂપી નીલવર્ણી વાઘા સજી કલ્લોલ કરતી દ્રષ્ટિગોચર થાય છે. માનવગણનો આહ્લાદ પણ સાથોસાથ વૃદ્ધિંગત થઇ રહ્યો છે. મેઘરાજની અમર્યાદિત કૃપાથી સેવેલ પરિશ્રમનો ફળપરિપાક લણવાના અભિલાષમાં ખેડૂતગણનો આનંદ સમાતો પણ નથી. એ જ વર્ષાકાળના આગમને એક સમયની નિર્જનભૂમિને વિવિધ રંગી શિબિરોની હારમાળાથી ભરી દઇ એકાદ શહેર વસાયાનો ચિતાર ખડો કર્યો છે. જ્યાં સંખ્યાબંધ સૈનિકોની છાવણીઓના ડેરાતંબુ ઠોકાય ત્યાં રોજની વસ્તુઓનો ક્રયવિક્રય કરનારા તેલી–તંબોલી કે ગાંધી–કાચ્છીઆ આદિ દુકાનદારોની લાર મંડાય એમાં નવાઇ જેવું પણ શું ? લશ્કરી ટુકડીના ધામા એટલે એક નાનકડું શહેર જ કલ્પી લેવું.

જરીયાણથી ભરેલા સુંદર જરી–બુટ્ટાથી શોભતી અને પશુ–પક્ષી કે ફળ–ફૂલ વાવેલા રોપા યુક્ત વિવિધ કળાકૃતિઓથી શણગારાયેલી એક સુંદર શિબિરમાં (તંબુમાં)–જેની મુખાકૃતિ જોતાં જ સહજે અનુમાની શકાય કે એ કોઇ મોટા દેશનો સ્વામી અને પ્રભાવશાળી નરપતિ હશે–એક તેજસ્વી પ્રૌઢ પુરુષ જ્યાં પ્રાત:કાલીન આવશ્યકક્રિયાથી પરવારી આસન પર વિરાજમાન થાય છે ત્યાં તો પ્રતિદિન માટે નવનવી રસવતી તૈયાર કરી પીરસવાની જવાબદારી જેના શિરે છે એવા એક શુદ્ધ ને સ્વચ્છ વસ્ત્રધારી રસોઇયાએ પ્રવેશ કરી, વિનયપૂર્વક પૂછયું કે 'મહારાજ ! આજે રસોઇમાં શું બનાવવું છે ? '

'ભાઇ ! આજે તો પર્યુષણ મહાપર્વનો અંતિમ દિન યાને સંવત્સરીનો મહાપવિત્ર દિવસ છે એટલે હું તો ઉપવાસ કરવાનો છું; પણ રાજવી પ્રદ્યોતની જેવી ઇચ્છા હોય તેવી રસવતી કરી તેમને જમાડજે. '

રસોઇઓ વિદાય થયો. ભૂપતિ જ્યાં દૈનિક કાર્યક્રમની ધારણા ધારી ઉઠવા માંડે છે ત્યાં તો રસોઇયાના પગલાં પુન: થયાં અને સવાલ કરે ત્યાર અગાઉ તે બોલી ઉઠ્યો કે 'નામદાર ! પ્રદ્યોતરાજ કહે છે કે તેમને પણ આજે ઉપવાસ છે. તેઓ પણ આપ સાહેબની માફક શ્રાદ્ધધર્મ આચરનારા છે. '

'અરે ! આ તું શું વદે છે ? શું તે અરિહંતના ઉપાસક છે ? તો તો એ મારા સ્વધર્મી બંધુ ગણાય. આજ લગી એક પણ સ્વામીભાઇ સાથે વૈમન…

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, જ્યાંસુધી એ દોષનું નિવારણ કરી તેની સાથે પણ સાચી ક્ષમાપના ન કરી હોય ત્યાંસુધી મારું સંવત્સરી પર્વારાધન અધૂરું જ ગણાય; તો પછી હું જિનાજ્ઞાનો આરાધક કેમ કહેવાઉં ? અન્ય સર્વ કાર્યો પડતા મેલી પ્રથમ મારે એ સ્વધર્મી બંધુ સાથે ક્ષમાપના કરી લેવી જ જોઇએ. '

મોટા પુરુષનો વિચાર થયો કે એ જરૂર આચારમાં મૂકાવાનો. આગળ શું બન્યું એ જાણતાં પૂર્વે ચાલુ કથાપ્રવાહનો સંબંધ જરા વિચારી લઇએ.

પ્રદ્યોતરાજને આપણે તો શ્રી કપિલ કેવલી પાસે વિનંતિ કરતો જોયો છે જ્યારે અહીં તો તે એક કેદીનું જીવન જીવતો જણાય છે. એ કેમ બન્યું ? તે પ્રતિ થોડી નજર ફેરવીએ. કપિલ કેવલી રાજવી ચંડપ્રદ્યોતના આગ્રહથી અવંતિમાં પધાર્યા. મોટા આડંબરપૂર્વક રાજાએ સામૈયું કરી વિધિ–વિધાનપૂર્વક નવીન બિંબની પ્રતિષ્ઠા કરાવી. એમાંથી પરવાર્યા બાદ સ્વામી મહારાજ સમેતશિખરના પ્રવાસમાં આગળ વધ્યા; જ્યારે મદનપીડિત અને જેનું મન સુવર્ણાંગુલિકાના એક રાતના રૂપ–દર્શનથી સમાગમ માટે ઉત્સુક બન્યું છે એવો પ્રદ્યોતરાજ, અનિલવેગ હાથી પર પ્રતિષ્ઠિત મૂર્તિ લઇ વીતભયપટ્ટણ પહોંચ્યો.

જે વેળા ઉદયન રાજાના મહાલયમાં નિત્ય શાંતિ પથરાઇ ચૂકી હતી અને નગરની પ્રજા નિદ્રામાં લીન થઇ હતી એવી મધ્ય રાત્રિએ અંતઃપુરના એક ભાગમાં જ્યાં દેવાધિદેવનું ગૃહમંદિર આવ્યું હતું ત્યાં દાસીમાંથી રાણી બની ચૂકેલી સુવર્ણાંગુલી અને ગુપ્તપણે આવેલ પ્રદ્યોત ભૂપ ગાંસડા–પોટલા બાંધી પલાયન થવાની તૈયારી કરી રહ્યા હતા. વાચક સારી રીતે જાણે છે કે સુવર્ણાંગુલીને કાંઇ ભારે તૈયારી કરવાની નહોતી. ફક્ત દેવાધિદેવની મૂર્તિ લઇ જવી હતી અને એને બદલે પ્રદ્યોત નૃપે આણેલી મૂર્તિ ગુપ્ત રીતે ગોઠવી દેવાની હતી. આ કાર્યમાં ઝાઝો વિલંબ ન થયો. પાછલી રાતના ઓળા વીતભયપટ્ટણની મીઠી ઊંઘ લેતી પ્રજા પર ઉતરે તે પૂર્વે આ દંપતી અવંતિના માર્ગે કૂચ કરી ગયા હતા. ઉભયના હૃદયમાં આનંદનો વેગ એટલા જોરથી વહી રહ્યો હતો કે એ વેળા આ કાર્યનું ભાવી પરિણામ શું આવશે એનો વિચાર સરખો પણ ન આવ્યો. દુન્યવી ક્રમમાં એ વસ્તુ નવીન નથી. પ્રીતિના વહેણવેળા વર્તમાનકાળ જ જોર કરતો હોય છે. ભવિષ્યના અંક માંડવા સૌ કોઈ બેસે તો ભાગ્યેજ એક પણ કાર્ય થાય; તેથી જ ભવિતવ્યતાની શક્તિ અજોડ મનાઇ છે ! હોણહાર મિથ્યા થતું નથી !

પૂજાનો સમય થતાં જ જ્યાં ઉદયન નૃપતિ ગૃહમંદિરમાં પગ મૂકે છે ત્યાં દાસી નજરે પડતી નથી. વળી પ્રભાવિક મૂર્તિના કંઠની માળા આજે પહેલી જ વાર કરમાયેલી જણાય છે. બારીકાઇથી તપાસતાં બિંબ બદલાયેલું છે એવી પ્રતીતિ થાય છે. જ્યાં આ સંબંધી ઊહાપોહ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યો છે ત્યાં તો ગજશાળાના રક્ષકદ્વારા સમાચાર પ્રાપ્ત થાય છે કે હાથીઓના મદ ગળી ગયા છે. આ પરિસ્થિતિ પરથી અનુમાની શકાયું કે જરૂર કોઇ જબર શક્તિધારી ગજરાજનું રાત્રિમાં અહીં આગમન થયું હોવું જોઇએ અને તેવી શક્તિ ચંડપ્રદ્યોતના અનિલવેગ ગંધહસ્તિમાં જ સંભવે છે એટલે આ સારાયે બનાવમાં તેનો જ હાથ જણાય છે. તરતજ દૂતને ચંડપ્રદ્યોત પાસે દોડાવ્યો અને અનુમાન સત્યમાં પરિણમ્યું.

સિંધુ–સૌવીર દેશના સ્વામીને આ કરણીમાં પોતાનું ભયંકર અપમાન થયાનું લાગ્યું. જે દ્વારા પોતે ધર્મના માર્ગે શ્રદ્ધા ધરતો થયો એવી દેવાધિદેવની મૂર્તિ આ રીતે ચોરાઇ જાય અને પોતે આંખમીંચામણા કરી બેસી રહે એવો તે કાપુરુષ ન હતો. ક્ષત્રીવટનું લોહી તેની નસોમાં ધબકતું હતું. તરતજ સૈન્યને સજ્જ થવાની આજ્ઞા અપાણી. અલ્પ સમયમાં તે વિશાળ લશ્કર સહિત ઉજ્જયનીના સીમાડામાં દાખલ થયો.

રાજવીઓ વચ્ચેના સંગ્રામ એ કોઇ નવી ચીજ નથી. જર, જોરુ અને જમીન રૂપ ત્રિપુટીમાંથી એક કે અધિક સારુ સંખ્યાબંધ યુદ્ધ ખેલાયાના દૃષ્ટાંતો આદિકાળથી ઇતિહાસના પાને નોંધાયલા મળી આવે છે. વિશાળ સામગ્રી અને યુદ્ધની કાર્યદક્ષતા પર જયનો આધાર છે. અહીં પણ એમજ બન્યું. માલવેશના સંરક્ષણ પ્રયાસો, ઉદયનરાજના પ્રખર હલ્લા સામે નિષ્ફળ નિવડ્યા અને જયશ્રીની પરીક્ષા ચંડપ્રદ્યોત નપાસ થયો. એટલું જ ન[હીં] પણ ઉદયનના હાથે કેદ પકડાયો.

ગુન્હેગાર સામે સમભાવ દાખ[વ]નારા તો વીરલા જ મળે ! એ વેળા ગુસ્[સો] મર્યાદા ઉલ્લંઘી જાય છે. એમાં ક્ષત્રિ[ય] રાજામહારાજાનો કોપ તો અમર્યાદિ[ત] ગણાય છે. વાસુદેવ ત્રપુનું સીસુ રેડવા[] રૂપ દારુણ કાર્ય કર્યો જૈન નહીં જાણ[તું] હોય ? ઉદયને પણ આવેગમાં આવ[ી] ચંડપ્રદ્યોતના શિર પર ' દાસીપતિ [' ] અક્ષરના ડામ દીધા એવી વાત કથા[નક] વદે છે. એ વેળા '**કડવાં ફળ છે ક્રોધનાં**' એ મુનિશ્રી ઉદયરત્નનું વચ[ન] યાદ આવે છે. આ પછી તો દેવાધિદેવ[ની] મૂર્ત્તિ પાછી લઇ જવાના પ્રયત્ન આ[ર]ભાયા, પણ દેવ તો ઉઠ્યા જ નહ[ીં]. ઉદયન ભૂપને શંકા થઇ કે વીત[રાગ] દેવ પણ રૂઠ્યા કે શું ? ત્યાં તો અં[ત]રીક્ષના સ્વર સંભળાયા. વીતભયપ[ટ્ટણ] ધૂળવડે ઢંકાઇ જવાની આગાહી કર્ણે અ[થ]ડાઇ. ખેલ ખલાસ. દૈવને કોઇ ઠં[ગી] શક્યું છે ? મૂર્ત્તિની પૂજાવિધિ યથ[ા] રીતે થઇ શકે તેવો પ્રબંધ કરી નૃ[પ] ઉદયન ખિન્ન હૃદયે પાછો ફર્યો. એ[નો] ઉલ્લાસ સૂકાઇ ગયો. વિજય મળ્યો છ[તાં] એથી આનંદ ન થયો. સંસાર પ[રથી] એનું દિલ ઓસરવા માંડ્યું. ચોમ[ાસું] આવતાં માર્ગમાં જ સ્થિરતા કરી. પ[ર્યુ]ષણ પર્વનું આરાધન શાંતિથી કર[વા] હુકમ છૂટ્યા. જોતજોતામાં ડેરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



...આયા. દશ મુગટબંધ રાજાઓનો પરિવાર પથરાય એટલે એક શહેર જ વસી રહેને! નામ પડ્યું દશપુર. પુરાતત્ત્વ શોધકોની દૃષ્ટિએ એ સમયનું દશપુર તે આજનું મંદસોર છે. સાંકળના તૂટતા અંકોડાને શોધવામાં પ્રજ્ઞએ તેમને સંગીન સાથ આપવો ઘટે.

મથાળે જેનું આલેખન કરાયેલું છે એ બનાવ દશપુરમાં જ બન્યો. આમ તો રાજવી ઉદાયન માટે જે રસવતી તૈયાર કરવામાં આવતી તે જ ભૂપ પ્રદ્યોતને પીરસાતી. રાજકેદી માટે ભાણાભેદ જેવું નહોતું, પણ સંવત્સરી પર્વ માટેનો ઉપવાસ એ પ્રદ્યોત નૃપ માટે સંશયનું ભાજન બન્યો. રોજ રસોઇ માટે ન પૂછતાં આજે જ એ માટે પ્રશ્ન કરાય છે એટલે જરૂર કંઇ ભેદનીતિ સંભવે છે. શંકિત હૃદય સર્વત્ર વહેમના ઓળા અનુભવે છે. ભેદનીતિમાં ન ફસાવા ખાતર જ પ્રદ્યોતનૃપે શ્રાદ્ધધર્મનું અવલંબન ગ્રહ્યું. એ પાછળનો ભાવ ભિન્ન છતાં ઉપવાસરૂપી દ્રવ્યતપે એનો છૂટકારો કરાવ્યો એટલું જ નહિં પણ સાધર્મી બંધુના સન્માનપૂર્ણ અધિકાર પર બેસાડી દીધા. તપમાં અચિંત્ય શક્તિ મનાય છે એ વાત ખોટી નથી જ.

જેનું મન અંતરશુદ્ધિ અને ક્ષમાપનામાં એકતાર બન્યું છે એવા ઉદાયને જાતે કારાગૃહના દ્વાર ખોલી નાંખી, બહુમાનપૂર્વક પ્રદ્યોત નૃપને ભેટી, પોતે ક્ષમણપણે સ્વધર્મીભાઇની આ જાતની કદર્થના કરી તે માટે પશ્ચાત્તાપ જાહેર કર્યો. શિરોભાગનો ડામ સુવર્ણપટબંધથી આચ્છાદિત કર્યો અને સુવર્ણગુલીને એક પુત્રી સમ ગણી જમાતાને યોગ્ય સન્માન અને ઉચિત ગામ ગરાસથી માલવેશને નવાજ્યો. શાસ્ત્રકાર આ પ્રકારના 'મિચ્છામિ દુક્કડમ્' ને જ સાચાં લેખે છે. ધર્મની દાઝના માપ ભૂપ ઉદયનની આચરણામાંથી જડી આવે છે. પર્વના આગમન બહારના દેખાવ કે કૃત્રિમ આડંબર માટે નથી પણ અંતરશુદ્ધિ અર્થે જ છે.

પર્યુષણના પવિત્ર દિનોને અને ચોમાસાના ચાર માસને જ્યાં અનંતો કાળ વહી ગયો ત્યાં વીતી જતાં શી વાર? વીતભયપટ્ટણમાં પુનઃ પ્રવેશ પણ થઇ ચૂક્યો અને રાજકાજમાં દિવસો વીતવા લાગ્યા.

પણ 'બુંદથી બગડી હોજથી ન સુધરે' તેમ પૂર્વ માફક રાજવી ઉદયનની ચિત્તવૃત્તિ કામ કરતી જ નથી. અહર્નિશ જીવિતસ્વામીના બિંબની પૂજા કરતાં છતાં પણ એના મગજનો ઉદ્વેગ કમી થતો નથી. એની ચક્ષુઓ સામે પ્રભાવતી દેવી ગઇ! દેવાધિદેવની મૂર્ત્તિ ગઇ!! થાંભલા પર કોતરેલી પુતળી માફક અડગતાથી ઉપાસના કરતી દાસી પણ ગઇ!!! એમ 'ગઇ, ગઇ' ના ચિત્રો જ તરવરે છે. રાજમહેલ અકારો લાગે છે. પ્યારા વતન વીતભયપટ્ટણનો વિનાશ નજીકના સમયમાં ડોકિયા કરતો દૃષ્ટિગોચર થાય છે. રાજ્યને અંતે નરક એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દોષદ્રષ્ટિ વિરૂદ્ધ ગુણદ્રષ્ટિ (બંનેનો મુકાબલો)

—રાજપાલ મ. વહોરા

વિશાળ એવા આ વિશ્વના ચોકમાં કેટલાય માણસોની દૃષ્ટિ દોષમય થયેલી હોય છે અને તેથી તેઓ સર્વત્ર દોષને જ ભાળે છે. તેવી દૃષ્ટિવાળા જનો છતા ગુણને છોડી અછત અવગુણને ગ્રહે છે. આવા માણસોને વ્યવહારમાં કમળાવાળા કહેવામાં આવે છે. અર્થાત્ જેની આંખમાં કમળાનું દર્દ થયું હોય તે સર્વત્ર પીળું જ ભાળે છે, કારણ કે તેની પોતાની દૃષ્ટિ જ પીત્તવર્ણી બની ગયેલ હોવાથી શ્વેત વસ્તુ પણ તેની નજરે પીળી દેખાય છે. આથી ઠીક જ કહેવાયું છે કે.

**યથા દૃષ્ટિઃ તથા સૃષ્ટિઃ**—જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

દોષગ્રાહી મનુષ્ય, સુંદર એવા ગુલાબના પુષ્પની સૌરભ નહીં ગ્રહણ કરે, નયનાકર્ષક એવો તેનો રંગ પણ તેની દૃષ્ટિને ખેંચશે નહીં; પરંતુ તેને તો ગુલાબની પાછળના કાંટા જ ખટકશે. તેવો મનુષ્ય કોઈ પણ વસ્તુની શ્વેત બાજુ જોવાને બદલે તેની કાળી બાજુ જ જોશે.

મનુષ્યમાત્ર અપૂર્ણ છે. પૂર્ણતા એક પ્રભુમાં છે તેથી માનવકૃતિમાં ભૂલ થવા સંભવ છે, પરંતુ જો તેનો દૃષ્ટા સુદૃષ્ટિવાન હોય તો તે એમ વિચારશે કે—આપણે સૌ એક નાવના ઉતારુ હોઇ ડગલે ને પગલે ભૂલને પાત્ર છીએ, પરંતુ તે ક્ષંતવ્ય છે; જ્યારે દોષગ્રાહી મનુષ્ય ગુણમાં પણ દોષની સંભાવના કરશે અને કહેવત મુજબ દૂધમાંથી પણ પોરા કાઢશે.

સામાન્ય મનુષ્યમાં તો ઠીક પરંતુ જગદુદ્ધારક ભગવાન મહાવીરસ્વામી જેવાની દેશના પણ દોષગ્રાહી મનુષ્યને ન સુણવા જેવી જણાઇ હતી. આ બિના શું સૂચવે છે? ગુણ દૃષ્ટિનો તદ્દન અભાવ અને દોષદૃષ્ટિની પ્રબળ અસર.

ભગવાન વીરસ્વામીના સમયમાં એક લોહખૂર નામનો મહાન તસ્કર હતો. તેણે પોતાના પુત્ર રોહિણીયાને પ્રતિજ્ઞા કરાવી હતી કે-'બેટા! ભગવાન મહાવીરના નામથી જે વ્યક્તિ પ્રસિદ્ધ થયેલ છે તે મોટો ઇંદ્રજાલીયો છે, માટે તારે તેનું વ્યાખ્યાન અને તેનો એક શબ્દ પણ કદી

---

પરમાત્મા શ્રી મહાવીરનું વચન સ્મૃતિ-પથમાં તાજું થાય છે. વિચાર થાય છે કે જાણીબૂઝીને એ નરકમાં શા સારુ પડવું કે પુત્રને રાજ્ય આપી પાડવો? પુષ્કળ વિચારણાંતે પુત્રને તો નરકગામી ન જ બનાવવો એવો નિરધાર થાય છે. પુત્રના કાને આ વાત જતાં તે રીસાઇ ચાલ્યો જાય છે. '**આપત્તિના આગ-**

**મન એકલદોકલ નથી હોતાં પણ પરિવાર મંડળ સાથે જ હોય છે.** એનો સાક્ષાત્કાર થાય છે. એ સહીને સિંધુ-સૌવીર દેશનો માલિક સ્વબચાવનો ઇલાજ શોધી રહ્યો છે.

ત્યાં વનપાલકે વધામણી આપી 'મહારાજાધિરાજ! ઉદ્યાનમાં પ્રભુ વર્ધમાનસ્વામી સમવસર્યા છે.' **ચોક્ક**

* આ લેખમાં કેવળીને યાત્રા કરવા જવાની, અંજનશલાકા કરવાની કિ[illegible] હકીકત ચિંતનીય છે. [illegible]

શ્રવણુ કરવા નહીં. જો તું આ પ્રતિજ્ઞા કરે તો જ મને શાંતિ મળે.' પુત્ર પણુ પિતાના સંસ્કારવાળો હોવાથી તથાપ્રકારની પ્રતિજ્ઞાબદ્ધ થયો. એક વખતે તેના જવાના રસ્તા પાસે જ ભગવાન મહાવીર દેવનું સમવસરણુ થયેલું છે અને દેવ, દાનવ, માનવ અને તિર્યંચ આદિની પર્ષદા મેઘવૃષ્ટિ જેવી ગંભીર અને મધુર ધ્વનિવાળી વીરજિનની અમૃત દેશના એક-ચિત્તે શ્રવણુ કરે છે. આથી તે ચોરને ત્યાં આવતાં વીરવચન સંભળાઇ જવાની વિમાસણ થઇ, પરંતુ વીરશબ્દશ્રવણુથી નિર્લેપ રહેવા તેણે કાનમાં આંગળીઓ નાખી શ્વાસભેર દોડીને એ સ્થાન વટાવી જવાનો વિચાર કર્યો. બનવાકાળ છે તે એ જ વખતે તેના પગમાં એક તિક્ષ્ણ કાંટો લાગે છે અને તેથી ન છૂટકે પણ કાંટાને પગમાંથી દૂર કરવા માટે કાન-માંથી આંગળી કાઢવી પડે છે. બરાબર તે જ સમયે પ્રભુના થોડા શબ્દો તે ચોરના કર્ણ-રંધ્રમાં જાય છે. આથી પરમ ખેદ પામતો તે ચોર આગળ વધે છે. જ્યારે અભયકુમારની યુક્તિથી તે પકડાય છે તે વખતે તેને પ્રભુના શબ્દો જેમાં દેવોનું વર્ણન હતું તે ઉપયોગી થાય છે. પરિણામે તેના જીવનપ્રવાહની દિશા બદલાઇ જાય છે.

અહીં મતલબ એ છે કે દોષદૃષ્ટિવાળા મનુષ્યો, ગુણના મહાન ઢગલામાંથી પણ દોષને તારવે છે. આવા મનુષ્યો પ્રાયઃ ક્યાંઇ પણ સફળ બની શકતા નથી કારણુ કે તેની એ દોષગ્રાહી દૃષ્ટિ જ્યાં ને ત્યાં દોષ ભાળવાના કારણે કલહના બીજ વાવે છે.

તેનાથી વિરુદ્ધ, ગુણદૃષ્ટિવાળો મનુષ્ય સર્વત્ર ગુણને જ ભાળશે. તેને બધે ઠેકાણે સુમ-નુષ્યો જ જણાશે. તેને સર્વ ઋતુઓ સુંદર અને સુખપૂર્ણ જણાશે. તે બધાને પોતાની જેવા સરળ અને ગુણવાળા જ માનવા પ્રેરાશે. નવાણુ અવગુણને જતા કરીને પણ તે એક ગુણને દેખશે અને તેની પ્રશંસા કરશે.

કૃષ્ણ વાસુદેવ પ્રભુ શ્રી નેમિનાથસ્વામીને વાંદવા જતા હતા. નગર બહાર એક શ્વાનનું મૃતક પડ્યું હતું અને તેમાંથી દુર્ગંધ ફેલાતી હતી. ત્યાંથી નીકળનાર દરેક જણ મોઢાં બગાડી, નાસિકા આડું વસ્ત્ર ધરી આગળ વધતા હતા. આ વાતની શ્રી કૃષ્ણચંદ્રને જાણ થતાં તેમણે સ્હેજ પણ મોઢાં બગાડ્યા વિના તે શ્વાનના મૃતકને જોઇને કહ્યું કે—'તેની દંતપંક્તિ કેટલી શ્વેત અને સુંદર–આકર્ષક છે !'

ગુણદૃષ્ટિ તે આનું નામ કે જેના પ્રતાપે સર્વત્ર ગુણમયજ દેખાય. આવી દૃષ્ટિ વિકસાવનાર મનુષ્ય પ્રાયઃ સર્વત્ર શાંતિ–આનંદ-સુખ વિગેરેને પ્રાપ્ત કરી શકે છે અને તેનો સુયશ ફેલાય છે.

સર્વ જનોમાં ગુણદૃષ્ટિ પ્રગટો એવું ઇચ્છીએ.

# કર્મને અંગે વિચારણા

જ્યારે અસાતાવેદની કર્મનો ઉદય થાય છે ત્યારે તેની સાથે ચારે ઘાતિ કર્મ જોર કરે છે, તેને સહાય આપે છે; કારણુ કે તે પાંચે પરમ મિત્ર છે. જુઓ ! તેવે પ્રસંગે જ્ઞાનદશા અવરાય છે, ચક્ષુ ઇંદ્રિય વિગેરેનો દર્શન ગુણ અવરાય છે, અંતરાયકર્મની પાંચે પ્રકૃતિઓ મદદ કરે છે અને મોહનીય કર્મ શરીરાદિ ઉપરની આસક્તિમાં વૃદ્ધિ કરે છે. આ હકીકત ખાસ ખ્યાલમાં રાખવી. સાતાવેદનીના ઉદય પ્રસંગે પણ આ ચારે પ્રકૃતિઓ અમુક અંશે બળ કરે છે; પરંતુ તે સંસારાસક્ત જીવો માટે છે. આત્મસ્વરૂપના જ્ઞાતા માટે તેવો સંભવ નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મુનિમહારાજ શ્રી સુમતિવિજયજીનો સ્વર્ગવાસ.

આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી(આત્મારામજી મહારાજ)ના પરિવારમાં પૂરા વયોવૃદ્ધ આ મુનિરાજ હતા. તેમનો જન્મ સં. ૧૯૧૩ માં પાલી શહેરમાં થયો હતો. દીક્ષા સં. ૧૯૩૫ માં આચાર્ય મહારાજશ્રીના સ્વહસ્તે લુધીયાણામાં થઇ હતી. તેઓ નિરંતર ગુરુમહારાજની સાથે જ વિચરતા હતા અને તેમની સેવામાં તત્પર રહેતા હતા. તેમના દરેક શહેરના ભંડારના રક્ષક હોવાથી મહારાજશ્રીના ભંડારી કહેવાતા હતા. નવા વિદ્યાર્થીઓને પઠન-પાઠન કરાવવામાં તત્પર હતા. ગુરુમહારાજના કાળધર્મ પામ્યા પછી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની સાથે પંજાબમાં જ હતા. ત્યારબાદ વૃદ્ધાવસ્થાને કારણે તેમણે પંજાબમાં જ નિવાસ કર્યો હતો. છેલ્લા ૧૩ વર્ષથી બે ત્રણ મુનિરાજ નિરંતર તેમની સેવામાં તત્પર રહેતા હતા. લગભગ ૫૮ વર્ષ પર્યંત વિશુદ્ધ ચારિત્ર પાળી સં. ૧૯૯૩ ના અશાડ વદિ ૧૧ શે ગુજરાનવાલા ખાતે સ્વર્ગવાસી થયા છે. ત્યાંના શ્રીસંઘે તેમની અંતક્રિયાપ્રસંગે અતિશય ભક્તિ કરી છે. તેમના પંચત્વના સમાચાર સાંભળી નજીકના ગામોમાંથી પણ અનેક ભક્ત શ્રાવકો આવ્યા હતા. મહારાજશ્રીના પરિવારમાં આવા દીર્ઘકાળના ચારિત્રપર્યાયવાળા મુનિરાજની ખોટ પડી છે. સ્વયં ક્ષયોપશમાનુસાર બોધવાળા છતાં જ્ઞાનાભ્યાસના પરમ રાગી હતા. એઓ તો પોતાની જિંદગી સફળ કરી ગયા છે. અન્ય મુનિરાજોએ તેમનું અનુકરણ કરવાયોગ્ય છે. આવા ચારિત્રશીલ મુનિરાજનો સ્વર્ગવાસ તો મહામંગળકારી હોવાથી તેમાં ખેદ દર્શાવવાપણું હોતું નથી.

## એક લાયક મેમ્બરનું ખેદકારક પંચત્વ

ભાઇશ્રી નગીનદાસ બાલાભાઇ કે જેઓ મૂળ લીંબડીના રહીશ હતા તેઓ રેલવેની નોકરીને અંગે હાલમાં બોટાદ રહેતા હતા. તેમના પેટમાં આંતરડાના સોજાને લગતા વ્યાધિ થવાથી તેઓ ઓપરેશન કરાવવા અમદાવાદ ગયા હતા. ત્યાં ઓપરેશન કર્યા બાદ ૧૬ કલાકે શ્રાવણ શુદિ ૧ શનિવારે પંચત્વ પામ્યા છે. એઓ એટલા બધા પ્રમાણિક ને નીતિપરાયણ હતા કે તેની જોડના મનુષ્યો મળવા મુશ્કેલ છે. રેલ્વે સ્ટાફમાં તેમની એક પૂરા પ્રમાણિક મનુષ્ય તરીકે ગણના થતી હતી. સ્વભાવ પણ બહુ જ માયાળુ હતો. પોતાના હાથ નીચેના માણસો તરફ પણ કાયમ મીઠી નજરથી ને ઉદારતાથી વર્તતા હતા. ધર્મપરાયણ હતા. સભા તરફ સંપૂર્ણ લાગણીવાળા હતા. તેઓ માત્ર (૫૨) વર્ષની વયે સ્વર્ગવાસી થવાથી સભાને એક ન પૂરી શકાય તેવા લાયક મેમ્બરની ખામી પડી છે. તેઓ એક વિધવા ને ચાર પુત્રીને પાછળ મૂકી ગયા છે. અમે તેમના કુટુંબને અંતઃકરણથી દિલાસો આપીએ છીએ. એમનો જીવનવ્યવસાય ખરેખર અનુકરણીય હતો તેથી તેનું અનુકરણ કરવા સૂચવી આ દિલગીરીકારક નોંધ સમાપ્ત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૧૯૯૩ ના અષાડ માસની પત્રિકા નં. ૪૧

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ—પાલીતાણા.

( સ્થાપના સં. ૧૯૬૨ ના ચૈત્ર શુદિ ૧૦ )

**ધાર્મિક પ્રવૃત્તિઓ**—નિયમાનુસાર સામાયિક, પ્રતિક્રમણ, ગુરુવંદન વગેરે દરેક ધાર્મિક ક્રિયા થઇ રહેલ છે. વર્ષાઋતુને કારણે સિદ્ધગિરિની યાત્રા બંધ થતી હોવાથી બધા વિદ્યાર્થીઓએ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની ખાસ યાત્રા અશાડ શુદિમાં કરી હતી. ઉપરાંત અષાડ વદિ ૧૧ ના બધા વિદ્યાર્થીઓએ આયંબિલની તપશ્ચર્યા કરી હતી.

**સ્વાસ્થ્ય**—વિદ્યાર્થીઓનું શરીરસ્વાસ્થ્ય નિયમાનુસાર કસરત અને આરોગ્યવર્ધક ખોરાક નિયમિત લેતા હોવાથી સુંદર રહ્યું હતું.

**ભેટ**—શેઠ મણિલાલ ગોકળભાઇ ગામ અમદાવાદવાળા તરફથી ૧ ચરવળો, ૧ કટાસણું. જાસુદ બ્હેન ગામ અમદાવાદવાળા તરફથી જર્મન સીલ્વરની રકાબી ૩. શેઠ ચીમનલાલ વૃજલાલ લીંબડીવાળા તરફથી ૨ કોટ, ૨ ખમીસ, ૧ પાટલુન, ૧ ધોતીયુ, ૧ ટોપી. શેઠ મહાસુખભાઈ ચુનીલાલ ગામ વીસનગરવાળા તરફથી અમૃત સરિતા પુસ્તક નં. ૨.

**મુલાકાત**—શેઠ ડાહ્યાભાઈ ગોવિંદજી નવસારી, શેઠ વાડીલાલ અમૃતલાલ, શેઠ બાબુલાલ ત્રિભુવનદાસ સિદ્ધપુર, શેઠ નેમચંદ પોપટલાલ અમદાવાદ, શેઠ ચકુભાઇ હેમચંદ અમદાવાદ, શેઠ છોટાલાલ ત્રિભુવન કોઠ–ગાંગડ, શેઠ મણિલાલ ડાયાભાઇ અમદાવાદ, શેઠ ઉમેદચંદ નરસિંહ ખેરલાવ, શેઠ છોટાલાલ વીરચંદ મીયાંગામ, શેઠ તલકચંદ ખૂબચંદ પાલેજ, શેઠ બચુભાઈ નથુભાઈ અમદાવાદ, શેઠ વાડીલાલ ચતુર્ભુજ ભાવનગર, શેઠ અમરચંદ કુંવરજી કુંડલા, શેઠ ગિરધરલાલ ખુશાલચંદ મહુવા, બ્હેન ચંચળ નવસારી.

**જમણ**—

| | | |
|---|---|---|
| શેઠ મહાસુખભાઇ ચુનીલાલ | વીસનગર | અશાડ શુદિ ૨ |
| શેઠ વાડીલાલ ચતુર્ભુજ | ભાવનગર | ,, શુદિ ૩ |
| શેઠ નાથાલાલ ખુબચંદ હા. ગંગાબેન | વલસાડ | ,, શુદિ ૧૩ |
| શેઠ લવજી વાલચંદની વિધવા કસુંબીબાઇ | ,, | ,, શુદિ ૧૫ |
| શેઠ ગોકળદાસ વચ્છરાજ | એડન | ,, વદિ ૧૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશાડ માસની આવક—

| | |
|---|---|
| ૧૨૬-૧૨-૦ | શ્રી નિર્વાહ ફંડ ખાતે |
| ૨૩૫-૦-૦ | શ્રી ભોજન ફંડ ખાતે |
| ૫૦૨-૦-૦ | શ્રી સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે |
| ૩-૮-૦ | શ્રી દેરાસરજી ખાતે |
| ૮૬૭-૪-૦ | |

## વિવાદ સભા—

અંગ્રેજી—Honesty Speaker Vrajlal C. Kothari. President Mulchand

| ગુજરાતી:— | વક્તા | પ્રમુખ |
|---|---|---|
| ૧ હોદ્દાસ્વીકાર | શ્રી જાદવજી ન. વ્યાસ | શ્રી જાદવજી ન. વ્યાસ |
| ૨ ભક્ષ્યાભક્ષ્ય | રા. ચીમનલાલ પુરૂષોતમ | શ્રી માવજી વીરચંદ મ્હે |
| ૩ જીવનવિકાસ | મુનિમહારાજ શ્રીન્યાયવિજયજી | |
| ૪ તિલકદિન | શ્રી જાદવજી ન. વ્યાસ | |

## જરૂરીયાતો:—

૧ સ્વામીવાત્સલ્યની કાયમી તિથિઓ
૨ શ્રી દેરાસરજી તથા લાયબ્રેરી માટે કબાટો
૩ સંસ્થા માટે એક સ્વતંત્ર વ્યાયામશાળા

સમાજના દાનવીરોને સંસ્થાની ઉપલી જરૂરીયાતો પૂરી પાડવા પોતા ઉદાર હાથ લંબાવવા નમ્ર વિનંતિ છે.

## પર્યુષણ પર્વ નિમિત્તે પૂજ્ય મુનિમહારાજોને નમ્ર વિજ્ઞપ્તિ

આ પવિત્ર દિવસોમાં આપની મધુર વાણીના ઉપદેશથી શ્રી સકલ તરફથી શાસનોન્નતિના અનેક કાર્યો થશે. આ પ્રસંગે અમારી નમ્ર વિ આપને ચરણે ધરીએ છીએ.

જૈન સમાજ દરેક પ્રસંગે યથાશક્તિ દાન કરવામાં મશહૂર છે તો પર્યુષણના મહામંગલકારી દિવસોમાં સુઅવસરે મદદ માટે પ્રેરણા કરશો અમોને ખાત્રી છે કે આ દિશામાં અમારા પ્રયત્નોમાં આપનો ઉપદેશ પરિણામ લાવશે અને બાળાશ્રમ સારી મદદ મેળવવા ભાગ્યશાળી બનશે.

આ પર્વના માંગલિક દિવસોમાં જ્ઞાનને પુષ્ટિ આપનાર પાલીતાણા બાળાશ્રમને આપનું કર્ત્તવ્ય સમજી આદરપૂર્વક મદદ કરવાનું ન ચૂકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી કલ્પસૂત્ર સુબોધિકા ટીકાયુક્ત

ઉપર જણાવેલ ટીકાની પ્રતો મુનિમહારાજાઓને ભેટ આપવાની છે, તેથી તેના ...કે નીચે લખેલા ગૃહસ્થો પર પત્ર લખીને મંગાવવી.

ચંદુલાલ છગનલાલ સોફ મરચન્ટ
મહીધરપુરા, ટેકરા, ધીયાશેરી સામે.
સુરત.

શ્રીયુત ચીમનલાલ કેશવલાલ કડીયા
યંગમેન્સ જૈન સોસાઇટી, રતનપોળ
અમદાવાદ.

## શ્રી વર્ધમાન જૈન સ્તવનમાળા.

આ બુકમાં કેટલોક સંગ્રહ સારો કર્યો છે. નીચેના શિરનામે પોણા આનાની ટીકીટ ...ને મંગાવવાથી ભેટ મળશે.

...રીબજાર–તેમના માળામાં, મુંબઇ } ઝવેરી નાનુભાઇ નગીનચંદ કપુરચંદ.

## શ્રી શ્રીચંદ્રકેવળી ચરિત્ર

શ્રી સિદ્ધર્ષિવિરચિત આ સંસ્કૃત પદ્યબંધ ચરિત્ર અમારા તરફથી હાલમાં જ બહાર ...યું છે. બહુ રસિક છે. કિંમત પડતરથી પણ ઓછી રૂા. ૧) પોસ્ટેજ પાંચ આના.

## શ્રી આત્મપ્રબોધ ગ્રંથ.

શ્રી જિનલાભસૂરિકૃત આ અત્યંત ઉપદેશક ગ્રંથ હમણાજ અમારા તરફથી બહાર ...લ છે. તેમાં સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ ને પરમાત્મસ્વરૂપ–આ ચાર પ્રકાશ બહુજ ...સ્તારથી અનેક કથાઓ સાથે આપેલા છે.

કિંમત માત્ર રૂા. ૧–૮–૦ પોસ્ટેજ સાત આના.

## ગણિતાનુયોગને લગતી જરૂરી હકીકતોથી ભરપૂર
## જૈન ગણિત વિચાર

જૈન સિદ્ધાંતમાં જણાવેલ પરિધિ વિગેરે આઠ પ્રકારના ગણિત ઘણા વિસ્તાર સાથે ...ના વિસ્તૃત ગણિતપૂર્વક બતાવવામાં આવેલ છે. પાછળના ભાગમાં ધાતકીખંડ તેમજ ...ર્ધ અને સૂર્ય–ચંદ્રની ગતિને લગતી હકીકતોનો સમાવેશ કર્યો છે. બુક ઘણા જ શ્રમપૂર્વક ... કરવામાં આવી છે. આવી બુકને અપૂર્વ કહીએ તોપણ ચાલે. ખાસ ઉપયોગી છે. ... ખાત્રી બુક જોઇને કરો. કીંમત માત્ર ૭ આના. પોસ્ટેજ ૦–૧–૯

## શ્રી પ્રકરણ રત્ન સંગ્રહ.

...નોની યથાર્થ ઉપમા આપવા લાયક ૧૫ પ્રકરણો–મૂળ, અર્થ, વિવેચન સાથે બહાર ...માં આવેલ છે. દ્રવ્યાનુયોગના રસિક આત્માઓને આહ્લાદ આપે તેમ છે.

પાકા બાઇન્ડીંગ સાથે કિંમત માત્ર રૂા. ૧–૪–૦ પોસ્ટેજ ૭ આના.

**લખો:–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

# નીચે જણાવેલા તમામ પુસ્તકો શ્રી જૈનધર્મ પ્રસારક સભામાંથી મળી શકશે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી દશવૈકાલિક સૂત્ર (શ્રીજિનદાસગણિકૃત ચૂર્ણિ, શ્રીભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિયુક્ત) | ૪-૦-૦ |
| ૨ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ( શ્રી જિનદાસગણિકૃત ચૂર્ણિયુક્ત ) | ૪-૦-૦ |
| ૩ | શ્રી લલિતવિસ્તરા ( શ્રી હરિભદ્રસૂરિકૃત ) સટિપ્પન | ૦-૧૦-૦ |
| ૪ | તત્ત્વતરંગિણી ( ઉ. ધર્મસાગરજીકૃત ) તિથિનિર્ણય | ૦-૮-૦ |
| ૫ | બૃહદ્ સિદ્ધપ્રભા વ્યાકરણ | ૨-૮-૦ |
| ૬ | મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૧૨-૦ |
| ૭ | શ્રી આચારાંગસૂત્ર વૃત્તિ: ( શીલાંકાચાર્યકૃત ) [ ભાગ ૧ લો, ૨ જો. સંપૂર્ણ ] | ૭-૦-૦ |
| ૮ | શ્રી ભગવતીસૂત્ર ( શ્રી દાનશેખરસૂરિકૃત ટીકાયુક્ત ) | ૫-૦-૦ |
| ૯ | પુષ્પમાળા ( ઉપદેશમાળા ) મલધારી શ્રી હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞ વૃત્તિયુક્ત | ૬-૦-૦ |
| ૧૦ | શ્રી તત્ત્વાર્થ સૂત્ર સભાષ્ય ( હારિભદ્રી ટીકાયુક્ત ) | ૬-૦-૦ |
| ૧૧ | પર્યુષણા દશશતક સટીક ( ઉ. ધર્મસાગરગણિવિરચિત ) | ૦-૧૦-૦ |
| ૧૨ | બુદ્ધિસાગર ( સોની સંગ્રામસિંહવિરચિત ) | ૦-૩-૦ |
| ૧૩ | શ્રી વિશેષાવશ્યક સૂત્ર ભાગ ૧ લો. ( કોટ્યાચાર્યકૃત ટીકાયુક્ત ) | ૫-૮-૦ |
| ૧૪ | ,, ભાગ ૨ જો. ,, | ૫-૮-૦ |
| ૧૫ | ભવભાવનાવૃત્તિ: ભાગ ૧ લો.(મલધારી શ્રીહેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત) | ૩-૮-૦ |
| ૧૬ | પરિણામમાળા. ( શ્રી ઉપમિતિભવપ્રપંચાકથોદ્ધરિત ) | ૦-૧૦-૦ |
| ૧૭ | ધર્મોપદેશકર્ણિકા ( સંસ્કૃત ગદ્યબંધ કથાઓનો સંગ્રહ ) | ૦-૧૦-૦ |
| ૧૮ | કલ્પકૌમુદી-કલ્પસૂત્ર ટીકા ( ઉ. શાંતિસાગરવિરચિત ) | ૨-૦-૦ |
| ૧૯ | ષોડશક પ્રકરણ ( હરિભદ્રસૂરિવિરચિત-યશોભદ્રસૂરિપ્રણીત વૃત્તિયુક્ત ) | ૧-૦-૦ |
| ૨૦ | ષડાવશ્યક સૂત્રાણિ ( નવીન સાધુયોગ્ય ) | ૦-૮-૦ |
| ૨૧ | ઉત્પાદાદિ સિદ્ધિ: ( શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત સ્વોપજ્ઞ ટીકાયુક્ત ) | ૨-૮-૦ |
| ૨૨ | શ્રી વર્ધમાન દેશના. સંસ્કૃત ગદ્યબદ્ધ ( રાજકીર્તિગણિવિરચિત ) | ૨-૮-૦ |
| ૨૩ | શ્રી નંદિસૂત્ર ચૂર્ણિ ( હારિભદ્રી વૃત્તિયુક્ત ) | ૧-૧૨-૦ |
| ૨૪ | શ્રી અનુયોગદ્વાર ચૂર્ણિ ,, | ૨-૦-૦ |
| ૨૫ | શ્રી ભગવતી સૂત્ર. ભાષાંતરયુક્ત ભાગ ૨ નો. શતક ૩ (પંડિત હીરાલાલ હંસરાજ) | ૨-૮-૦ |
| ૨૬ | શ્રી જ્યોતિષ કરંડક પ્રકીર્ણક સટીક ( મલયગિરિજીકૃત ટીકાયુક્ત ) | ૩-૦-૦ |
| ૨૭ | પંચવસ્તુક ગ્રંથ ( શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત ) | ૩-૦-૦ |
| ૨૮ | વિચારરત્નાકર ( ઉ. કીર્તિવિજયજીકૃત ) | ૩-૦-૦ |
| ૨૯ | પ્રવચનસારોદ્ધાર-ભાગ ૨ જો. ( શ્રી સિદ્ધસેનસૂરિકૃત ટીકાયુક્ત ) | ૪-૦-૦ |
| ૩૦ | શ્રી પુંડરીક ચરિત્ર સંસ્કૃત પદ્યબદ્ધ ( કમલપ્રભાચાર્યવિરચિત ) | ૫-૦-૦ |
| ૩૧ | શ્રી પુંડરીક ચરિત્ર ભાષાંતર | ૩-૦-૦ |
| ૩૨ | શ્રી મહાબલમલયસુંદરી ચરિત્ર. ( શ્રી [illegible]કૃત ) | ૧-૦-૦ |
| ૩૩ | શ્રી [illegible] ( શ્રી અભયદેવસૂરિકૃત [illegible] ) | ૧-૦-૦ |

For Private And Personal Use Only